
કુમાર

અંક ૧.

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી
રવિશંકર રાવળ

પોષ
વર્ષ ૧.
અંક ૧.
૧૯૮૦



કુમાર

ગુજરાતની ઉગતી પ્રજાનું માસિક

પુસ્તક પહેલું — અંક : ૧

સંવત : ૧૯૮૦ — પોષ

વરસના રૂ. ૭
છ માસના રૂ. ત્રણ

કુમાર કાર્યાલય : ૪૪૮૦–રાયપુર : અમદાવાદ

પરદેશના રૂ. સાત
છુટક નકલના દસ આના

‘કુમાર’ દર મહિનાની પુનમે બહાર પડશે.

નવા ગ્રાહક થનારાઓ માટે પાછળને પાને સુચનાઓ આપી છે.

જાહેરખબર આપવા ઇચ્છિનારાઓએ ભાવ તથા વિગતોવાળી છાપેલી પત્રિકા મંગાવી લેવી.

ગ્રાહકોને

આ માસિકનું લવાજમ, પોસ્ટેજ સાથે, વરસ એકના રૂા. ૬ છે. આખા વરસનું એકસામટું લવાજમ ન ભરી શકનાર રૂા. ૩ ભરીને છ મહિનાના ગ્રાહક બની શકે. પરદેશના ગ્રાહકોએ રૂપીઆ સાત મોકલવા. છુટક અંકના દસ આના. લવાજમ અગાઉથી જ લેવામાં આવે છે.

રૂબરૂ ગ્રાહક થનાર સરળતાને ખાતર પ્રથમ એક રૂપીઓ આપી પહેલો અંક મેળવે, અને પોતાનું નામ રજિસ્ટર કરાવે. બાકીનું લવાજમ તેમને બીજો અંક વી. પી. થી મોકલીને વસુલ કરવામાં આવશે.

ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે; પાછળથી ગ્રાહક થનારને આગલા અંકો પુરા પાડવાને અમે બંધાતા નથી.

લવાજમ વી. પી. કરતાં મનીઑર્ડરથી મોકલી વસુલ કરાવવું એ વધારે સુગમ અને ઓછું ખરચાળ છે.

પુરેપુરૂં નામ અને ચોક્કસ સરનામું નહિ મોકલ્યું હોય તો માસિક ગેરવલ્લે જવા બદલ અમે જવાબદાર નથી.

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અચુક લખવો. તે સિવાય કોઈ પણ જાતની વ્યવસ્થા કરવાનું બની નહિ શકે.

માસિકમાં આવતી ઇનામી હરીફાઈમાં ભાગ લેવાનો હક માત્ર ગ્રાહકોને જ રહેશે; છુટક નકલ ખરીદનારાઓને પણ નહિ.

લેખકોને

ઉગતી પ્રજાને માટે જેની પાસે કંઇક પણ સંદેશો, પ્રેરણા, ઉપયોગી થવાની ઇચ્છા કે માર્ગદર્શક હકીકતો હોય તે આ માસિક માટે ખસુસ લખે.

જેઓને માટે આ માસિક ચલાવવામાં આવે છે તેઓ—કુમારો અને કુમારીઓમાંથી જેઓ ઉછરતા લેખકો હશે તેમને અમે યોગ્યતા પ્રમાણે જરૂર સ્થાન આપીશું; કારણકે અમારી ઈચ્છા છે કે આ માસિક વાંચનારાઓનાં હૃદયનું પ્રતિબિમ્બ બને.

લેખમાંની હકીકતો વિષે લેખક જ બધી રીતે જવાબદાર રહેશે.

ભાષાન્તર કરેલા લેખો માટે બની શકે તો તેના મુળ કર્તાની પરવાનગી મેળવવી. અને જે ભાષાના ગ્રન્થ કે લેખક ઉપરથી ભાષાન્તર કર્યું હોય તેની સ્પષ્ટ માહીતી અચુક આપવી.

કેટલાક લેખો સ્થળસંકોચ કે બીજાં કારણોને લઇને કદાચ મોડા પણ છપાય. તેવે વખતે લેખકે ઉતાવળા થઇને તેનો તે લેખ બીજે કયાંય છપાવતાં પહેલાં અમને ખબર આપવા કૃપા કરવી.

લેખો ચોકખા અક્ષરે, કાગળની એક જ બાજુએ અને શાહીથી લખેલા હોવા જોઇએ.

નામ અને સરનામાની માહીતી તથા પોસ્ટેજ નહિ મોકલ્યું હોય તો ન સ્વીકારાયેલા લેખો પાછા મોકલવા અમે બંધાતા નથી.

જે અંકમાં લેખકનો લેખ છપાયો હશે તે અંકની એક નકલ લેખકને મળશે.




પ્રાર્થના

: વસંતતિલકા :

સંસારનાં મનુકુલે મધુ પ્રેમ મ્હોરે,
રાત્રિદિને વનખીણે ફુલમ્હેક ફોરે;
આકાશ તારક ગ્રહો નવરંગ ભાસે,
પૂજ્ય પ્રભુ, તુજ કલા મધુરી શી હાસે !

પંખીજનો કુસુમનાં રસગીત માંડે,
ને તારલા જગતલોકની વાત વાંચે;
સૌ માનવી સુરકથા ગુંથતાં સુઆશે,
પૂજ્ય પ્રભુ, તુજ કલા નવલી વિકાસે !

જોઉં લીલા—નયન સૂક્ષ્મ રસાળ કીધાં,
સૂણું લીલા—શ્રવણ નમ્ર ચકોર દીધાં;
ઝીલું લીલા—હૃદય કોમળતા વિલાસે,
પૂજ્ય પ્રભુ, તુજ કલા મુજમાં પ્રકાશે !





તમે ચાર મિત્રો ભેગા મળીને વાતો કરતા હો છો ત્યારે તમે ટોલટપ્પાં મારતાં સહેજ સહેજમાં જે વિવિધ જ્ઞાન મેળવી શકો છો, અગત્યની બાબતો જાણી કે શીખી શકો છો, રમુજથી તમારા મનને બહેલાવી શકો છો અને જે ઉત્સાહ તથા પ્રેરણાથી તમારાં અંતર છલકી ઉઠે છે તેવું તમે કદિ એકલા બેઠાં બેઠાં મહિનાઓ સુધી પુસ્તકોનાં થોથાં વાંચ્યાં કરો તોપણ પામી નથી શકતા. આ તો તમારા અનુભવની વાત હશે. એનું કારણ શું ?

*

વાતચિત એ સજીવ જ્ઞાન મેળવવાનો ઉત્તમ રસ્તો છે. એટલા જ માટે પ્રાચીન કાળમાં વિદ્યા પુસ્તકો ગોખીને નહિ પણ ગુરુ પાસે બેસીને શિષ્ય મેળવતો. ધર્મજ્ઞાન મેળવવાને સત્સંગ કરવાનું કહ્યું છે તેનું પણ એ જ કારણ.

*

તમને એવું સજીવ જ્ઞાન મળે એટલા માટે તમારી સાથે વાતચિત કરવાની ગોઠવણ કરવાની બહુ જરૂર લાગી છે. દર મહિને આપણે આ 'મિજલસ'માં બેસીને ખુલ્લા દિલથી મનગમતી વાતો કરીશું. તેમાં તમારામાંથી દરેક જણને કંઇ કંઇ કહેવાનું હોય તે જાહેર કરવાની તક મળશે. મારી તો ઘણી મરજી છે કે મારે પોતાને તે વખતે બહુ જ થોડું કહેવાનું હોય. 'મિજલસ'-માં તમે વધારે ભાગ લેતા થાઓ તો તમે 'કુમાર'ને સફળ કરવામાં વધારે ઉપયોગી થઇ શકો.

*

તમે મોટા થઇને શું શું કરવાની ઉમેદો રાખો છો, તે માટે હમણાં શા પ્રયાસ કરો છો, તમને તેમાં શી અડચણો નડે છે તે મને લખી જણાવશો તો હું તમને મારાથી બનતી દરેક મદદ કરીશ. તમને સાચી સલાહ મેળવી આપીશ. તમને કંઇ મુશ્કેલીઓ કે શંકાઓ હોય, કંઇ નવું જોવા જાણવાની ઉત્કંઠા હોય, તો શરમાયા વિના તમે મન ખોલીને છુટથી તમારી હકીકતો મને લખી મોકલો. આપણી 'મિજલસ'માં તમારી શંકાઓનું સમાધાન થશે, સવાલોના જવાબ મળશે, મુશ્કેલીઓના ઉપાયો સુચવવામાં આવશે. અહીંથી તમને પ્રેરણા અને ચેતન, કલા અને સંસ્કાર, જ્ઞાન અને રમુજ મળતાં રહેશે. તમારા ખરા મિત્રોમાં મને ગણજો.

*

આ માસિક બહાર પાડવાનું પહેલું મને નથી સુઝયું. તમારી વયના જ બે ઉત્સાહી ભાઇઓએ પોતાના

પ્રસાદ

अहमस्मि सहमान उत्तरो नाम भूम्याम् ।
अभीषाडस्मि विश्वाषाडाशामाशां विषासहिः ॥

—अथर्ववेद

"હું મારી માતૃભૂમિમાં વધુ ઉંચો છું. હું શત્રુઓના અનેકાનેક હુમલાઓ સહન કરી શકું છું. ગમે તે સ્થિતિમાં મારૂં બળ અટલ હશે. હું ચોક્કસ વિજય મેળવનારો છું."

માતૃભૂમિનો સાચો ભક્ત, આ મંત્રનો ઋષિ કેવો ભારે આત્મવિશ્વાસ ધરાવે છે તે ઉગતી પ્રજા લક્ષમાં લે. વેદના વારામાં આવા હજારો દેશભક્તો પરતંત્રતાનો વિચાર સરખો સહન કરી ન શકતા. એ પ્રાણવાન પુરુષોએ જ ત્યારે આર્યાવર્તને સ્વતંત્ર રાખ્યો અને તેની સર્વ પ્રકારે ઉન્નતિ સાધી.

'કુમાર'ના તરુણ વાચક ! ઉપલા મંત્રવાળા ઋષિની જેમ તું ખરો રાષ્ટ્રપ્રેમી તથા ભૂમિભક્ત થા એવી પ્રભુને પ્રાર્થના છે.

રામચંદ્ર બળવંત આઠવલે

વિનોદની ખાતર હાથે લખીને 'કુમાર' દર મહિને તૈયાર કરવાનું ઘણા વખત પહેલાં શરૂ કર્યું હતું. તે મારા જોવામાં આવ્યું, અને મને લાગ્યું કે તે જ માસિક તમારા સૌનું થઇ શકે. એ બે બાઇઓનું વૃત્તાંત આ અંકમાં બીજે ઠેકાણે આપ્યું છે, તે વાંચશો એટલે તમારી ખાતરી થશે કે તમારી વયમાં તમે ધારો તો ઘણું ઉપયોગી કામ કરવાને લાયક છો.

મિત્રો—હવે હું તમને મિત્રો જ કહીશ—તમને ખબર તો છે ને, કે સવારથી સાંજ સુધીનો રોજનો વખત આપણી જીંદગીનો ભાગ છે. રોજનો એટલો વખત કેવી રીતે જાય છે તેનો વિચાર કરશો તો તમને લાગશે કે 'કાલ' અને કાલની વાતો તો ગઇ; હવે તો 'આજ' સામી ઉભી છે. પણ તે 'આજ' કેમ બની તેનો વિચાર તમને થયો છે?

કાલે રાત્રે તમે માફકસર જમ્યા હતા, કાલ રાત્રે તમને સારી ઉંઘ આવી હતી, તેથી આજે સવારે તમે તન્દુરસ્ત ખુશ ચહેરે જાગ્યા. પણ કાલે રાત્રે તમે વાળુ ઉપર ખુબ હાથ માર્યો, ખાધેલું પચ્યું નહિ, રાત આખી શાંત ઉંઘ ન મળી—આજે સવારે તમે ઉઠી ન શક્યા. શરીર ભારે લાગ્યું; માથું દુખવા માંડ્યું. શાથી? કાલે તમે એક જણને મળવા આવવાનું કહેલું. આજે સવારમાં તે ભાઇ તમારી પાસે તમે કહેલી ચીજો લઇને આવ્યા. પણ તમે કાલની ગોઠવણ આજે પાર પાડી શકો એમ નથી. શાથી? કાલે તમે નિશાળના પાઠ ન વાંચ્યા; રજા ગુમાવી. આજે નિશાળમાં તમને આવડ્યું નહિ, ગુરુજીએ ઠપકો આપ્યો, બીજા છોકરાઓએ ઉપહાસ કર્યો. શા માટે?—કાલની ભૂલ આજે નડી. કાલ અને આજનો સંબંધ સમજ્યા?

કાલમાંથી આજ બની. કાલની બધી ભુલો આજે વેઠવી પડી. પણ તમે નિરાશ થઇ કાં બેઠા? હજી તમારે માટે એક મોટી તક બાકી છે. 'આજ' સહન કરી લો; પણ હજી 'આવતી કાલ' અખંડ તમારી છે. 'આજ'ની તે સુંદર પુત્રી છે. આજે તમે હેરાન થયા હો, નિરાશ થયા હો, દુઃખી થયા હો, પરંતુ આવતી કાલનું સુંદર હસતું મોં જોવાની આશા ગઇ નથી. પણ ગઇ કાલની પેઠે જો આજે પણ ભુલો જ કરી બેસશો તો એ આશા સફળ થવાની નથી. સુંદર 'આવતી કાલ'નું દર્શન કરવા સારૂ 'આજ' તમારે બહુ વિચારપૂર્વક, નિશ્ચયથી અને સંયમથી ગાળવી પડશે. આજે તમે જમવામાં લહેર માણશો તો આવતી કાલનું સુંદર મોં જોઇ રહ્યા. આજે તમે આળસમાં રહ્યા તો આવતી કાલનો આનંદ ગયો સમજજો. આજે જ તમે બધી સારી રીતભાત, સારા વિચારો, સારાં કામોને તમારા હૃદયના મિત્રો બનાવી લો, અને જુઓ કે આવતી કાલ હસતે મુખડે રૂમઝુમ કરતી તમારી સાથે રમવાને આવે છે કે નહિ. એવી આવતી કાલ રોજ જોવાનો યત્ન કરશો તો તમારી જીંદગી બહુ તેજસ્વી, યશસ્વી અને આરોગ્યભરી થશે. તમારા સૌનું દીર્ઘાયુ હો. આવતી કાલનો વિજય આજે ગાઓ.

કરસનદાસ મુળજી

સાદા કરસનદાસ

ગુજરાતમાં મોટું નામ પામેલા 'મોટા મહીપતરામ' કરસનદાસનું ચરિત્ર લખતાં એમને ભલા, રૂડા, બહાદુર, વીર વગેરે વિશેષણોથી વારંવાર અભિનંદન દે છે. કરસનદાસની કદર કરનાર એ ખરે જ લાયક નર હતા. છતાં આજે કેટલા જાણે છે કે એ સમયમૂર્તિ વીરનર હતા ? મોટાની મોટાઇ સમજવાને હૃદય પણ મોટાં હોય. જગતના ઇતિહાસ તરફ જોઇશું તો જણાશે કે સાંકડા મનના લોકો પોતાના મહાપુરુષોને ભુલ્યા છે. એમ ન હોત તો ઇશુ ખ્રિસ્તને વધસ્તંભ પર ચડવા વારો ન આવત, સ્વામી વિવેકાનંદને અમેરિકામાં ઉપદેશ કરવા જવું ન પડત, મહાત્મા ગાંધીજીને જેલ બેસવાનું ન બનત. સદ્‌ભાગ્યે હવે માણસને વિશેષણથી ઓળખવાનો વખત ગયો છે. કરસનદાસનું નામ એનાં કામોથી જીવતું છે; એટલે ગરવી ગુજરાતના એ 'વીરના વીર' ને (કવિ નર્મદ 'વીર નર્મદ' કહેવાય છે. એના સમકાલીન કરસનદાસ એના પણ કર્મવીર હતા.) કર્મવીર કરસનદાસ કહેવાને બદલે 'સાદા કરસનદાસ' કહીશું તો વધુ માનભર ને સુઘડ દેખાશે.

જીવનરેખા

ઇસવી સન ૧૮૩૨ના જુલાઇ મહિનાની ૨૫મી તારીખે મુંબઇ શહેરમાં કરસનદાસનો જન્મ થયો. એના પિતા કાઠીઆવાડના કપોળ વાણીઆ હતા અને વેપાર વાસ્તે મુંબઇ ગએલા. કરસનદાસ હજુ સાવ બાળક હતા તેવામાં એમની માતા મરી ગઈ. બાપે પુનર્વિવાહ કર્યો અને સાવકી માતાને મુકી બાળકને મોસાળ જવું પડ્યું. પણ મોસાળમાં માતાનાં માબાપ ગુજરી ગએલાં; એટલે બાળક કરસનદાસને માની કાકીએ ઉછેર્યો. ગામઠી નિશાળોમાં ભણી રહ્યા પછી મુંબઇની એલ્ફિન્સ્ટન પાઠશાળામાં એ અંગ્રેજી અભ્યાસ કરવા આવ્યા. કુટુંબના કારણે ભરણપોષણની ચિંતા માથે પડી. અભ્યાસ અધુરો મુકી શેઠ ગોકળદાસ તેજપાળની શાળામાં તે મુખ્ય ગુરુ તરીકે નીમાયા. ત્યાં કેળવણી ખાતાના ચતુર ઉપરી ટી. સી. હોપ સાહેબ એમનું સારૂં કામ જોઇ પ્રસન્ન થયા અને એમને એંશી રૂપીઆના દરમાયાથી ડીસાની અંગ્રેજી નિશાળના મુખ્ય ગુરુ તરીકે મુક્યા. ત્યાં એ ભારે રોગમાં પટકાઇ પડ્યા. દવા કરવા માટે એ નોકરી છોડી મુંબઇ આવ્યા. સને ૧૮૬૩ના માર્ચ માસમાં યુરોપ જવા ઉપડ્યા; પણ ફેફસાંના રોગને લીધે છ માસમાં પાછા આવ્યા. દેશાટન કર્યું તેથી તે નાતબહાર મુકાયા. વળી પાછા ફરીથી વિલાયતની સફરે જવા એમને સંજોગો મળ્યા. તકનો લાભ ચુકે એવા કરસનદાસ કાચા ન હતા. એ ગયા અને જે વેપારી કામે ગયા હતા તે પુરૂં કરી થોડા વખતમાં પાછા વળ્યા. રાજકોટની ગાદીએ આ વેળા બાળરાજા બેઠો હતો. વગને લીધે સરકારે એમને આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ નીમી રાજ્યનો કારભાર સોંપ્યો. એમણે રાજ્યતંત્રમાં સુધારા કર્યા. લીમડી રાજ્યમાં પણ બાળરાજા હતો; તેથી સરકારે કરસનદાસની બદલી ત્યાં કરી. રાજકોટની રૈયત આ સમાચારથી દુઃખી થઇ. પ્રજાનું માનપત્ર લઇ સને ૧૮૭૦માં એ લીમડી ગયા. અહીં પણ સુધારાઓ કરી તે અત્યંત લોકપ્રિય બન્યા. પરંતુ થોડા મહિનામાં એ માંદા પડ્યા અને ૧૮૭૧ના ઑગસ્ટમાં સ્વર્ગવાસી થયા.

સુધારાનો યુગ

એ વખતે સમાજની ઘોર મધરાત ચાલતી હતી. નાતનાં રૂઢ બંધનો મજબુત ખેંચાતાં અને સમાજનું જીવન ખાબોચીઆ જેવું બંધાએલું રહેતું. કાદવીઆ કીડાઓ જેમ સૌ એક જ ચીલામાં જન્મી, જીવી મરી જતાં. દેશાટન થઇ ન શકે. વિધવાવિવાહનું નામ ન દેવાય. સમાજના કુધારાઓ સામે એક હરફ ન કઢાય. ઉગતી પ્રજામાંના કેટલાક આ હાલત સાંખી શક્યા નહિ. ઘરડાંનું ઘરેડીઉં જીવન એમના તાજા પ્રાણને અનુકૂળ ન પડ્યું. ઉગતા જીવનમાં ભુલ કરવાની છુટ હોય છે તેમ, એમાં ખરૂં ખોટું પારખવાની શક્તિ રહી છે. અમુક જુવાનીઆઓએ ભેગા મળી સભાઓ બાંધવાની પ્રવૃત્ત શરૂ કરી. 'બુદ્ધિવર્ધક હિન્દુ સભા' સ્થપાઇ. દેશહિતના બધા વિષયો ઉપર નિબંધો વંચ.વા લાગ્યા. આવાં લખાણોથી વિચ.રોની અદલાબદલી થવા લાગી; સાથેલાગી ભાઇચારાની વૃત્તિ પ્રબળ થઇ. કરસનદાસ આ પ્રવૃત્તિના પ્રાણ બન્યા. એ સભાની એક બેઠકમાં એમણે દેશાટનનો નિબંધ વાંચ્યો; એમાં નીચેનો હિન્દી દુહો ટાંક્યો:



सची भूमि गोपाल की, वा में अटक कहा ?
ज्याके मन में खटक है, सोई अटक रहा.

કરસનદાસ પાઠશાળામાં વિદ્યાર્થી હતા ત્યારે એમણે વિધવાની દશા ઉપર અનામી નિબંધ લખેલો. આ નિબંધનાં કાગળીઆં એમની માની કાકીએ જોયાં. સમાજના ધારાધોરણ સામે મોરચો માંડનાર છોકરા ઉપર એને ક્રોધ ઉપજ્યો. એ બાઇએ ઘર છોડી જવાનો સખત હુકમ આપણા જુવાન બંડખોરને સંભળાવી દીધો. જગતમાં કરસનદાસ એકલા થઇ રહ્યા. ભણતર એમને મુકવું પડ્યું. છતાં 'હૃદયનું સત્ય' ન છોડ્યું. જીવનને ખાતર ભણતરનો ભોગ દીધો. સુધારો એટલે સાચું સાહસ.

'સત્યપ્રકાશ'

કરસનદાસને સભામેળાપ કે નિબંધવાચનથી સંતોષ ન વળ્યો. દેશકલ્યાણના કોઇ બળવાન સાધનની શોધમાં એ હતા. એ વખતે પારસીઓ એક વર્તમાનપત્ર ચલાવતા. એ જોઇ કરસનદાસને જણાયું કે વિચારોની આપલે આ સાધન દ્વારા થઇ શકે. તે જાણુતા હતા કે લોકોમાં વિચારોના ફેલાવા પછી ખરૂં કામ થશે. પરંતુ પ્રજામાં વાચનનો શોખ પણ કેળવવાનો હતો. એ મુશ્કેલીઓ વચ્ચે એમણે 'સત્યપ્રકાશ' નામનું પત્ર કાઢવું શરૂ કર્યું. જો એક બે છાપાં તે વેળા નીકળતાં તેની નીતિ સારી ન હતી. ભાંડીને કે ખરૂંખોટું લખીને પૈસા કમાવા પર તેમનું ધ્યાન હતું. કરસનદાસનો હેતુ જુદો હતો. એ વિષે લખતાં મહીપતરામભાઇ કહે છે કે ''સત્યપ્રકાશ' પત્ર પૈસા રળવાને કરસનદાસ ચલાવતા નહિ. કુધારાનો નાશ કરવાને, અજ્ઞાન, વહેમ અને મુર્ખાઇને દેશમાંથી નસાડવાને અને સ્વદેશીઓના આ લોક તથા પરલોકના સુખમાં વધારો કરવાને કેવળ પરમાર્થે એ પત્ર ચલાવતા.' ખોટા વહેમ અને જુઠાણા વિરૂદ્ધના લેખો

છચોક છપાવા ને વંચાવા લાગ્યા અને સમાજમાં ખુજારો છુટ્યો. જુવાન કરસનદાસની હિમ્મત અજબ હતી. દુનીઆડાહ્યાં કહે છે,

यद्यपि शुद्धं लोकविरुद्धम्
नाचरणीयं नाकरणीयम्

(જોકે સાચું હોય તોપણ સમાજની વિરૂદ્ધ હોય તો તે ન આચરવું—ન કરવું.) પણ આ વીરનરનો જીવન-મંત્ર જુદો જ હતો. 'સુધારાની ફોજના સેનાપતિ'ની ખરી લડાઇ હવે મંડાણી.

છપ્પનભોગ

છપ્પનભોગ કરવાના વૈષ્ણવ મહારાજોના હક ને પૈસા મોદકભુખ્યા શૈવમાર્ગી બ્રાહ્મણોએ પડાવી લીધા. મુંબઇના ભુલેશ્વર મંદિરમાં જાહેર થાળામાંથી તેઓ છપ્પન ભોજન જમ્યા. મહારાજોએ શૈવધર્મના પ્રચારની બીકે ઠીક દલીલ કરી કે શિવને ધરાવેલો પ્રસાદ શિવ-નિર્માલ્ય કહેવાય, માટે એ જમવાના કામમાં ન આવે. પોતાના સેવકોને તેમણે આજ્ઞા કીધી કે જ્યાં સુધી બ્રાહ્મણો શુદ્ધ ન થાય ત્યાં સુધી કોઇએ તેમને દાન દક્ષિણા ન દેવી ને જમાડવા પણ નહિ. આમ છપ્પન-ભોગ રૂપી ખારનો તણખો ઉડ્યો, વેરની ઝાળ નીકળી ને કુસંપનો ભડકો થયો. વાત વધી અને ચોપાનીએ ચડી. 'સત્યપ્રકાશે' ટંકાર કર્યો અને મહારાજોનાં શિરજોરી, એકહથ્થુ સત્તા અને ભ્રષ્ટાચારો ઉપર કટક લેખ લખ્યા. મહારાજોએ સત્યનો પ્રકાશ જોયો અને છંછેડાયા. મહીપતરામભાઇ લખે છે કે 'વાણીઓ, વળી વૈષ્ણવ, ને સેવક થઇને આમ ગજબ કરે તે મહારાજોથી ખમાયું નહિ. સામ, દામ, અને ભયથી તેને ચુપ રાખવાને મહેનત કરી, પણ કરસનદાસ કશાથી ડર્યા નહિ.'

આના જવાબમાં મહારાજોએ 'ચાબુક' પત્રના તંત્રીને લાંચ આપી ફોડ્યો અને સુધારાવાળાની ખોટી નિંદા કરાવી. મહારાજોએ સેવકો પાસે 'ગુલામી ખત' કરાવી લીધાથી આ મનોરંજક ટંટો વધ્યો. 'સત્ય-પ્રકાશ'માં તંત્રીએ ધર્માચાર્યોની બરાબર ખબર લીધી. આથી બન્ને પક્ષો હાથોહાથ આવી ગયા એમને નાતબહાર મુકવાની ધમકી અપાઇ, પણ એ સાહસ ઉઠાવી એમને ખરેખર નાતબહાર મુકવાની હિમ્મત કોઇમાં ન હતી.

જદુનાથજી મહારાજ

જોવા જેવી લડાઇ તો જદુનાથજી મહારાજ અને કરસનદાસ વચ્ચે જામી. વિધવાવિવાહના શાસ્ત્રાર્થમાં બન્ને વચ્ચે યુદ્ધ મચ્યું. બન્ને તરફથી લેખરૂપી બાણ છુટ્યાં. 'પ્રાચીન હિન્દુ ધર્મ'ના મથાળાવાળો લેખ એટલો તો આકરો હતો કે મહારાજશ્રીને ગેરઆબરૂ થયાનો દાવો માંડવો પડ્યો. મહારાજની વિરુદ્ધ કોઇ ભાટીઓ સાક્ષી ન પુરાવે એવી છુપી સંતલસ ભાટીઆ નાતના નવ આગેવાનોએ કરી. આ ઠરાવ ગેરકાયદે હતો. કરસન-દાસને આની ખબર પડતાં ઠરાવ કરનારાઓ ઉપર કેસ કર્યો. પોલીસ અમલદારની અને બીજા ભાટીઆઓની સાહેદીથી તહોમત સાબીત થયું. ગુન્હેગારો ભારે દંડ ભરી છુટ્યા. જદુનાથજીનું ચિત્ર મહીપતરામભાઇએ નીચે-ના શબ્દોમાં આપ્યું છે: 'શરીરે લઠ, રંગે કાળા, મધ્યમ કદના, ગાલે શોભીતા થોભીઆ, સુંદર પાઘ અને વાગા ધારણ કરેલા, અજ્ઞાનસાગરમાં ડુબેલાને મન સાક્ષાત ગોકુળના કાનનું સ્વરૂપ એવા જદુનાથજી હિમ્મતથી ઉભા.'

લાઈબલ કેસ

જદુનાથજી મહારાજના ધર્મને નામને ચાલતા ભ્રષ્ટાચારી જીવન પર 'સત્યપ્રકાશે' એવા તો સપાટા લગાવ્યા કે લોકો ખળભળી ઉઠ્યા લાઇબલ એટલે બદ-નક્ષી—ગેરઆબરૂ. કોઇની આબરૂમાં ખાંચ આવે એવું લખાણ લાઇબલ ગણાય. પણ કાયદાની કલમ મુજબ તો 'સાર્વજનિક લાભને માટે જે વાત જાહેર કરવાની જરૂર હોય અને ફરજ હોય, જેથી લોકોની નીતિમાં બિગાડ થતો હોય, જેથી લોકનું અહિત થતું હોય, જે દુરાચારની લોકસુધારાને માટે જાહેર ચર્ચા કરવાની ગરજ હોય અને જે બિગાડ અટકાવવાને લોકના તિર-સ્કાર સિવાય બીજો રસ્તો નથી, તે વિષયનું એ મતલબ પાર પાડે તેવું વગરદ્વેષનું જાહેર લખાણ કાયદા પ્રમાણે લાઇબલ ન ગણાય.' કરસનદાસના વકીલોએ સાબીત કરી દીધું કે જોકે વાદી જદુનાથજીની આબરૂને ધક્કો પહોંચાડનારૂં પ્રતિવાદીનું લખાણ હશે, તોપણ તે સાચું ને દ્વેષવગરનું છે, ને એ પ્રસિદ્ધ કરવાનો એમને અધિકાર

છે. બન્ને પક્ષોના સાક્ષીઓ લેવાયા. કરસનદાસના સાક્ષીઓનું કામ મુશ્કેલ હતું. સબળા વૈષ્ણવોની વચ્ચે એમને હિમ્મતથી બહાર પડી સાક્ષી આપવાની હતી, અને પોતાની ઘરઆબરૂની અને જાતઅનુભવની વાતો કરવાની હતી. છતાં મહારાજોના દુરાચાર ખુલ્લા પાડવામાં તેઓ ડગ્યા નહિ. શેઠ લખમીદાસ ખીમજી, શેઠ મંગળદાસ નથુભાઇ, પ્રમાણિક વિદ્વાન મથુરાદાસ લવજી, ખટાઉ મકનજી અને સજ્જન દાક્તર ભાઉ દાજી વગેરે સૌએ મહારાજોની વિરુદ્ધ પુરાવા દીધા. તેઓએ પુરવાર કર્યું કે વૈષ્ણવ પંથ વેદધર્મના પ્રમાણમાં નવો છે અને એ સંપ્રદાયના મુળ ઉત્પાદક શ્રી વલ્લભાચાર્યે તેમના ‘સિદ્ધાન્ત રહસ્ય’ નામે ગ્રંથમાં તન, મન ને ધન પુરુષોત્તમને અર્પણ કરવા આજ્ઞા કરી છે. લોકો તેમને પૃથ્વી ઉપરના પુરુષોત્તમ માને છે, અને તેમના વંશના સઘળા ગુંસાઇ બાળકોને કૃષ્ણાવતાર ધારે છે. આ કારણથી એ ધર્મમાં અનીતિ વધી છે.

શેરસટ્ટાનો પવન

અમેરિકામાં એક વરસ રૂનો પાક ન થવાથી ઇંગ્લેંડના કારખાનાવાળા માલીકોની હિન્દુસ્તાનના રૂ ઉપર પડાપડી થઇ. રૂના ભાવમાં તેજી આવી ને પૈસાના રેલછેલ થવા લાગી. આ પૈસામાંથી નવી નવી કંપનીઓ નીકળી. નફાની આશામાં સૌ કંપનીઓના શેરો ખરીદવા ગયા. હરીફાઇ વધી. મહીપતરામભાઇ લખે છે કે, ‘ડાહ્યા ડાહ્યા ને મોટા મોટા ભુલ્યા, ને ખરાબ થયા; જેવા ચડયા તેવા પડયા, ને ફજેત થયા. કરસનદાસ મુળજી પણ એ ઝપાટામાં ફસાઈ પડયા ને મુશ્કેલીથી આબરૂસર બચ્યા.’

કવિ નર્મદ

કવિ નર્મદાશંકર કરસનદાસના મિત્ર હતા. પ્રેમશૌર્યનો વીર નર્મદ જદુનાથજી જોડે શાસ્ત્રાર્થ કરવાને કરસનદાસના પક્ષમાંથી આવેલો. લાઇબલ કેસનું મુળ કરસનદાસનો ‘સત્યપ્રકાશ’માં લખાએલો લેખ. એ લેખનું મુળ ગોકુળનાથજીની ટીકાવાળો શ્લોક. આ શ્લોક કરસનદાસને કવિએ બતાવેલો. લાયબલ કેસનો અંત આવ્યો ને કરસનદાસ જીત્યા; પરંતુ એમણે સુધારાની પ્રવૃત્તિ ચાલુ ન રાખી. ખરાબ નાસુદ કર્યા પછી પ્રજાને સારૂં આપવું જોઇએ એ વાત તેને કવિએ કરી હતી. કરસનદાસ ‘કવિના ભોજ’ હતા. તંગીના વખતમાં નર્મદાશંકરને અવારનવાર મદદ કરતા. બધા મળી દસબાર હજાર રૂપીઆ આપ્યા હશે. નર્મકવિતાનું મોટું પુસ્તક કવિ એમને અર્પણ કરવાના હતા. બન્યું એમ કે એ પુસ્તક છપાઇ રહેવા આવ્યું ત્યારે કરસનદાસ શેરસટ્ટામાં પાયમાલ થયા. નર્મદાશંકરને ઘણું દુઃખ થયું; પણ પોતાનો વિચાર ફેરવ્યો નહિ, અને ખર્ચ મળે કે ન મળે તોપણ કરજદાર નર્મદે કરસનદાસના નામની અર્પણપત્રિકા લખી નાખી. કરસનદાસને આ માઠી હાલતમાં દિલાસો દેવા એક પ્રભાતીઉં જોડી મોકલ્યું. એમાંની ત્રણ કડીઓ હેઠળ ઉતારી છે.

> ધીર ધર, ધીર ધર, ધીર ધર સિંહ મુજ,
> ધીર ધરવા થકી હીર રહેશે;
> તાપમાં હીરા દેખાય નહિ તે વળી,
> રહેજે દીસશે અને સુખ હોશે.
>
> . . .
>
> દૈવનો રંગ ત્હાં માનનો ભંગ શો,
> અંગમાં શોક શો રાખવો રે ?
> જંગના રંગમાં, શૂરના સંગમાં,
> ઢંગ ઉચ્ચાટનો શો હવો રે ?
>
> . . .
>
> ગુજરી વાતને સમજ ગઇ રાત તે,
> વાદળી કાળી ગઈ ઉતરી તે;
> મિત્ર સાચો લખે પત્ર તુંને કુંળો,
> વાંચજે તાણીને આંખ પ્રીતે.

કેટલાક પ્રસંગો

કરસનદાસ રંકમાંથી રાય થયા કહેવાય. એની જીંદગીમાં ઘણા ફેરફારો થયા છે. શિક્ષકમાંથી વેપારી અને વેપારીમાંથી રાજ્યના મુખ્ય અમલદાર. છતાં એમણે મોજશોખમાં ન પડતાં લખવા વાંચવાની પ્રવૃત્તિ અખંડ રાખી. ઉપરાંત તંત્રી તરીકે પત્ર ચલાવ્યું, માસિકોને મદદ કરી અને મહાન સુધારક થઇ આગળ પડ્યા. સામાન્ય માન્યતા એવી છે કે પંતુજીઓ અમલદાર થવાને નાલાયક હોય છે. કરસનદાસે પોતાના જીવનથી બતાવી દીધું કે એ હમેશને માટે

સાચો નિયમ ન હોઇ શકે. ઉત્તમ શિક્ષક ઉત્તમ પુરુષ પણ હોય જ. આ સૌ ફેરફારોમાં જે મોટા પ્રસંગો બન્યા તે કરસનદાસનો સાહસિક જુસ્સો, સત્યપ્રેમ, મોટું મન અને દયાભાવ બતાવે છે. લાઇબલ કેસ વખતે કરસનદાસની ઉમર માત્ર અઠ્ઠાવીસ વરસની હતી. વૈષ્ણવ લોક અને એમની નાત ખુબ કોપી હતી તેથી એમણે અદાલતમાંથી કરસનદાસને સહીસલામત ઘેર ન જવા દેવા કેટલાક જડસાઓ (ગુંડાઓ) મુક્યા. આ ખબર એમને સવેળા પડવાથી મૅજિસ્ટ્રેટનો આશ્રય માગ્યો. ઇશ્વરકૃપાએ આ કંટાકટીના યુદ્ધમાં એમનો જીવ બચી જવા પામ્યો. વિલાયતની મુસાફરી કરી આવ્યા પછી નાત બહાર રહ્યા અને દુઃખ ખમ્યા. દીવાન તરીકે એક ઘરડા માણસને ફટકાની સજામાંથી છુટો કર્યો હતો. બજાર વચ્ચે ઘોડાગાડી ઉભી રાખી એક ગરીબ ડોશીની ફરીઆદ સાંભળી હતી. પોતે ન્યાયાધીશ હતા ત્યારે કચેરીમાં બેઅદબી કર્યાથી કોઇનો દસ રૂપીઆ દંડ કર્યો. તે માણસ ગરીબ હતો તેથી દંડ તેને પાછો આપવા માંડયો. પણ પેલો માણસ કહે, 'ના સાહેબ, રૂપીઆ હું કદાપિ પાછા લેનાર નથી. આપ જેવા મોટા પુરુષે દસ રૂપીઆનું વચન નાખ્યું ને હું તે રૂપીઆ પાછા રાખું? ના ના, સાહેબ, આમ કદાપિ થનાર નથી. જો આ દસ રૂપીઆ ન રાખો તો આપને મારા સમ છે.' કરસનદાસ આ આદમીનું ભોળપણ જોઇ ખુબ હસ્યા! તે ઘણી વાર હવેલીએ દર્શને જતા. એક વખત તો પ્રસાદના થાળામાં પૈસા પણ આપેલા. એ કહેતા કે મહારાજો સાથે મારે વેર નથી; હું તો તેમનો શુભેચ્છક છું.

ઉદ્યોગી પળો

જંજાળવાળી જીંદગીમાં થોડો સમય નવરાશનો મળતો તેને કરસનદાસ અમસ્તો ન ગુમાવતા. એમણે ઘણાં પુસ્તકો રચી બહાર પાડ્યાં છે. 'નીતિવચન'માં ઉત્તમ ઉપદેશ આપ્યો છે. 'કુટુંબમિત્ર'માં વાતચીત કે મશ્કરીના રૂપમાં લખાણ કરી બોધ દીધો છે. 'વિજ્ઞાનવિલાસ' પત્રને જન્મ આપી એમાં લેખો લખ્યા. 'પાખંડ ધર્મખંડન' નાટક અને 'સંસારસુખ' નામે બીજું પુસ્તક પ્રગટ કર્યાં. 'લાઇબલ કેસ', 'મહારાજોના ઇતિહાસ' ને 'નિબંધમાળા' બહાર પાડ્યાં. કરસનદાસની ભાષા સાદી ને અસરકારક છે. એમાં વિદ્વત્તાનો ઢોંગ નથી. મહીપતરામ લખે છે કે 'એમનાં પુસ્તક રસિક, નિરપરાધી, સુબોધકારી અને મનોરંજક છે.' એ પુસ્તકોને જીવતાં અને ફરતાં રાખવાથી કરસનદાસનું નામ અમર થશે. હમણાં જ 'સ્ત્રીબોધ'વાળા કેશવપ્રસાદ દેશાઇએ 'નીતિવચન'ની નવી આવૃત્તિ છપાવી છે.

જીવનસિદ્ધિ

જુવાનીમાં જે વિષયના નિબંધો લખ્યા હતા તે એમણે ભવિષ્યમાં સિદ્ધ કરી બતાવ્યા. સમાજનાં બંધનો તોડી, મુશ્કેલીઓ વેઠીને પણ એમણે એ વખત દેશાટન કર્યું. 'વિધવાનાં દુઃખ'ના નિબંધનું ઇનામ જીંદગીમાં મળી ગયું. પ્રથમ વિધવા લગ્ન દીવાળી નામની બાઇને કરાવ્યું. પરંતુ વિધવાને પરણનાર ઉડાઉ ને ક્રૂર નીવડ્યો; આથી સુધારાવાળા વગોવાયા પણ કરસનદાસ નિરાશ ન થયા. ધનકોર નામની વાણીઆ બાઇને પુનર્લગ્ન કરાવ્યું. એ જોડું સુખી થયું ને કરસનદાસને આશીષ મળી.

હવે હરસનું દરદ વધ્યું, લોહી પડવા માંડ્યું ને નબળાઇ આવી ગઇ. દવાઓથી સારૂં ન થયું. કરસનદાસે પોતાના બે મિત્રોને એક કાગળ લખી મોકલ્યો. એમાં નીચેનાં કરુણ વચન કહ્યાં છે:

'પરમેશ્વરની ખુશી મને તેની હજુરમાં બોલાવી લેવાની હશે તો મને નક્કી છે કે તમે મારા કુટુંબને સંભાળશો... ...મારા શરીરની નબળાઇ ઉપર નજર કરી આમ લખવું પડે છે.' દાક્તર પાંડુરંગને પાસે બોલાવી છેવટ કહ્યું કે 'મેં મારૂં વસીઅતનામું (વીલ) કર્યું છે, અને મારી મિલકત સંબંધી ઠરાવ કર્યા છે. હવે હું એટલું ઇચ્છું છું કે મારા મિત્રોને મારી છેલ્લી સલામ કહેજો. હું ધારૂં છું કે મેં મારા ઓછા જ્ઞાનવાળા દેશી ભાઇઓ પ્રતિ મારી ફરજ બજાવી છે. એમ કરવામાં મેં કોઇને મારા દુશ્મન કર્યા હોય તો તેમ કરવાનો મારો હેતુ નહોતો; સારૂં અને પરોપકારી કામ કરતાં તેમ થયું. એ માટે હું પરમેશ્વર પાસે જ્ઞાન અને દયા માગું છું. મારા મિત્ર અને શત્રુ બેઉને માટે હું પ્રભુને પ્રાર્થના કરૂં છું કે એ તેમના ઉપર કૃપા કરે.'

કરસનદાસ જેવા પવિત્ર આત્માની કદર મુંબઇ વિશ્વવિદ્યાલયમાં સો રૂપીઆનું ઇનામ કાઢવાથી થઇ ન કહેવાય. એમની યાદગીરી રાખવાને તો મહીપતરામ અંતમાં જણાવે છે તેમ 'જે જે સુધારા ભલા કરસનદાસ મુળજીએ ચાલ્યા છે તે સઘળાની પાછળ મંડ્યા રહીશું તો જ એનો હેતુ પાર પડશે.'

વાંચનાર મિત્ર! કરસનદાસ માટે તને રજ પણ સદ્ભાવ હોય, ગરવી ગુજરાતના એને એક બળવાન માનવ ગણતો હો તો તારે એના જેવા થવાનો યત્ન કરવો ઘટે. ગુજરાતના જુવાનોમાં જે પ્રાણ જોઇએ તે તારે પ્રગટાવવો પડશે. મોટા દીવાએ જેમ નાનાં દીવડાં પોતાની જ્યોત સળગાવે છે, તેમ કરસનદાસના જીવનદીપમાંથી આપણી જીંદગીની વાટ ઝગાવીએ અને દેશના ઉદ્ધારમાં થોડા ભાગીદાર થઇએ તો એમની કદર કરી કહેવાય.

જરા ચેતજો

મોંમાં ટાંકણી નાખવાની ટેવ

ઘણા માણસોને એવી ટેવ હોય છે કે ટાંકણી ભરાવેલા કાગળ આડાઅવળા થઇ ગયા હોય તો તેમાંથી ટાંકણી કાઢીને દાંત વચ્ચે ભરાવે છે, અને પછી કાગળ સરખા ગોઠવી લઇ પાછી ટાંકણી કાગળમાં ભરાવી દે છે. રમતમાં ને રમતમાં ટાંકણી મોંમાં નાખીને કે દાંત વચ્ચે પકડીને વાતોના ગપાટા મારવાની ટેવ પણ ઘણાને હોય છે. વળી, કેટલાક લોકોને આપણે દાંત વચ્ચે ટાંકણી રાખીને ઉંડા વિચારમાં ડુબેલા જોઇએ છીએ.

મારા એક મિત્ર રેલ્વે ઑફિસમાં કારકુન હતા. એ બહુ જ વાતોડીઆ. એક દહાડો ભાઇસાહેબ ખાસ્સી એકાદ ઇંચની ટાંકણી મોંમાં રાખીને જોડેના કોઇ કારકુન સાથે વાતોના ગપાટા મારવા લાગ્યા. એટલામાં અચાનક, કોણ જાણે કેમ, ટાંકણી ગળે ઉતરી ગઇ! હવે શું થાય? ભાઇસાહેબ તો ગભરાયા. તરત જ ઑફિસના સાહેબની રજા લઇ દોડ્યા દાક્તર પાસે. દાક્તરે કહ્યું, 'તમે બહુ ગંભીર ભુલ કરી છે. જો એ ટાંકણી સીધીસમી પેટમાંથી નીકળી જાય તો તમે નશીબદાર; નહિતર આડીઅવળી થતાં જો એની અણી ક્યાંક આંતરડામાં ભરાઇ ગઇ, અને પાછળ ખોરાકનો ધક્કો લાગશે તો આંતરડું ચીરાઇ જશે; અને તમે ભારે જોખમમાં આવી પડશો.' પેલા ભાઇ તો શીયાંવીયાં થઇ ગયા. તેણે કહ્યું, 'પણ એ કેમે કરીને પેટમાંથી કાઢી શકાય?' દાક્તરે કહ્યું, 'એવો કશો ઉપાય નથી. માત્ર એક હિકમત છે. તમે ડઝનેક કેળાં કે ખજુર ઠાંસી ઠાંસીને ખાઓ; પછી ઉપર લાડુ વગેરે સખત લોચો વળે એવી ચીજ ખાઓ; અને પછી એરંડીઆનો જુલાબ લો. કદાચ પેલા ચીકણા, ઠાંસીને ખાધેલા ખોરાકની વચ્ચે ટાંકણી આવી જાય અને જુલાબના હડસેલાથી તે ખોરાક સાથે બહાર નીકળી જાય. પેલા ભાઇએ દાક્તરના કહ્યા પ્રમાણે કર્યું. તપાસ કરતાં ત્રીજે દહાડે પેટમાંથી ટાંકણી નીકળી ત્યારે એમના જીવમાં જીવ આવ્યો.

રમતરમતમાં પણ મોંમાં કે દાંત વચ્ચે ટાંકણી રાખવી એ કેટલું ભયભરેલું છે એ આ ઉપરથી સમજાશે. વળી, ટાંકણી મોંમાં ભરાવવાની ટેવ તો ઘણા માણસોમાં સામાન્ય હોય છે. કેટલીક વાર એવું પણ બને કે જે ટાંકણી કોઇ બીજા માણસે દાંતમાં ભરાવી હોય તે જ કોઇ કાગળ સાથે લગાડાઇને આપણી પાસે આવે; અને આપણે પાછી એ જ ટાંકણી મોંમાં નાખીએ. આમાં, જો કદાચ પેલા આગલા માણસના દાંત ખરાબ હોય, અથવા તેને કોઇ ચેપી રોગ હોય તો તેના જંતુ તે ટાંકણીને વળગે, અને આપણે મોંમાં નાખીએ એટલે આપણે પણ એ રોગના ભોગ થઇ પડીએ. માટે આવી ટેવથી ચેતવાની બહુ જરૂર છે.

'કાળીનો એક્કો'



શીઆળો

નવીન આયુ નવચેતનવંતાં,
 પાક નવા ધરતીએ દીધા;
નવીન આશ, નવલા ઉરભાવે
 પંથ નવલ સુજનોએ લીધા:
જીવનની શુભ રાહ સુચવતો
 શીઆળો આવ્યો સુસવતો.

સુકો વાયુ વાય ફરર ફર,
 ખરખર તરુવર પાન ખરે;
ધ્રુજે દુર્બળ દીન થરર થર,
 ધનપતિ મદભર મોજ કરે:
એદીનાં અંગો સુકવતો
 શીઆળો આવ્યો સુસવતો.

શીઆળો આવ્યો સુસવતો;
વર્ષાની વાદળીઓમાં થઇ
 શરદતણું નિર્મળ જળ ન્હાતો,
શારદ-લક્ષ્મીની વીણામાં
 ગીત અભિનંદનનાં ગાતો,
અન્નકૂટનાં પર્વ ઉજવતો,
 શીઆળો આવ્યો સુસવતો.

શીળો વાયુ વાવા લાગ્યો,
 મધુર ગુલાબી ઠંડી ચમકી,
ઢોલ લગનસરાનો વાગ્યો,
 ઝાંઝરની ઘુઘરીઓ ઘમકી;
સ્નેહીનાં ગૌરવ ગુંજવતો,
 શીઆળો આવ્યો સુસવતો.

કડકડતી ઠંડીમાં મીઠી
 ઉદ્યોગીને અંગમજુરી,
તાજે તન પકવાન મીઠાં ને
 સઘળાંઓને હુંફ મધુરી:
હુંફ વગરનાંને હુંઠવતો
 શીઆળો આવ્યો સુસવતો.

ખેડુતે શેરડીઓ વાવી
સીમડીઓને રસમય કીધી,
કોસ તણાં પૈ સાથે ગાતાં
રાતોને રઢીઆળી કીધી;
મીઠા મીઠા પાક પકવતો
શીઆળો આવ્યો સુસવતો.

ગોરીના ઝીણા સુર ઝીલી
ઘંટી મધુરા ઘોર કરે,
મહી વલોવતી શ્યામા ઝુલી
હાથણીઓનાં માન હરે:
ઘરઘર મંગલગાન ગજવતો
શીઆળો આવ્યો સુસવતો.

દક્ષિણમાં બહુ દૂરે જાતો
સુરજનો રથ પાછો વાળી,
દાનતણો મહિમા મુખ ગાતી
સંક્રાંતિ ઉત્તરમાં ચાલી;
પાછળ પળવા ધૂમ મચવતો
શીઆળો આવ્યો સુસવતો.


અમૃત જેવો ઉગતો સુરજ,
અમૃત જેવાં કપડાં ધીંગાં;
અમૃત જેવાં ઘીનાં ભોજન,
અમૃત જેવાં દડબાં દહીંનાં:
અંગારે પણ અમૃત સ્ત્રવતો
શીઆળો આવ્યો સુસવતો.

વહેલાં ઉઠી કામ કરે સૌ,
બાળક તડકે મળતાં ટોળે;
ઘરને આંગણ ઓઢી બેઠાં
વૃદ્ધો સગડીને સંકોરે:
ગોરે ગાલ અડપલાં કરતો,
શીઆળો આવ્યો સુસવતો.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ



ઘોડાનું બંધન



પહેલાં ઘોડો આજની જેમ માણસનો ગુલામ ન હતો. જેમ છોકરાંઓ કારણ હોય કે ન હોય તોપણ આખું આંગણું ગજાવી મુકે છે તેમ ઘોડો આખા બીડમાં મનભાવતી હડીઆપટ્ટી કરતો. તેના મોંમાં કોઈનું ચોકડું ન હતું, તેની પીઠ ઉપર કોઇ સવાર ન હતું કે તેની છાતીએ ગાડીનું ઝુંસરૂં ન હતું.

આ તેજદાર અને પાણીવાળું પ્રાણી જે દિવસ સ્વતંત્ર હતું તે દિવસ સ્વતંત્રતા ઓર બહારમાં ખીલતી.

એક બીડ પુષ્કળ મીઠા ઘાસથી ભરપુર હતું. ઘોડો મનને ગમે તેમ એમાં વિચરતો. આ છેડે ઘાસની એક પુળી ખાય ને હડી મેલે. સામે છેડેથી વળી એક પુળી ખાય ને પાછો હડી મેલે. આમ એનો વખત જતો.

એક વખત ઘોડો બીડમાં આમતેમ દોડી રહ્યો હતો, ત્યાં છેટે એને કંઇ કાળું કાળું દેખાયું. ઘોડો કાન ઉભા કરીને એની તરફ જોવા લાગ્યો. તેને લાગ્યું કે આ વળી નવો ડુંગર અચાનક ક્યાંથી ? ધારીને જુએ છે તો કાળા ડુંગર જેવું એ કંઇક ચાલે છે અને હળવે હળવે તેના બીડ તરફ વધી રહ્યું છે. હવે ઘોડો ગભરાયો. હતું તેટલું જોર કરીને તે બીડને સામે છેડે દોડી ગયો. ત્યાં ઘાસની ઓથે લપાઇને કાળ જેવા પેલા હાથીને જોઇ રહ્યો.

પેલો કાળો ડુંગર જેવો હાથી હતો. સુંદર ઘાસથી ભરેલું બીડ જોઇને તેના હરખનો પાર રહ્યો નહિ. તેણે આગળ જવાનો વિચાર માંડી વાળીને બીડમાં જ ધામો નાખ્યો. ઘોડો મુશ્કેલીમાં આવી પડ્યો. ચોવીસે કલાક ભયને લીધે તેની છાતીમાંથી થડકાટ ખસતો ન હતો. અને વિશાળ પેટવાળો હાથી છપ્પનીઆ કાળની પેઠે વાઢાંનાં વાઢાં ચરી જઇને બીડને હથેળી જેવું કર્યે જતો હતો એ તેનાથી દીઠું જતું ન હતું.

આ રોજનું દુઃખ કેમ ખમાય ? હાથીનું કાસળ કોઇપણ ઉપાયે કાઢવું તો જોઇએ જ. ઘોડાએ વિચાર્યું, આપણા એકલાથી તો આની જોડે નહિ લડાય. કોઇની મદદ મેળવવી જોઇએ. ઘાસ ન ખાઈ શકે એવું કોઇ શોધવું જોઇએ. સિંહ પાસે જાઉં, પણ એની સામે જવાને પગ કેમ ઉપડે ? મદદ માગવા જાઉં ને મને જ ફાડી ખાય તો ?

હં, માણસ જ ઠીક. ઘાસ એ ખાઇ શકનાર નથી, એટલે મારૂં બીડ સહીસલામત જ છે. અને મારી જાત પણ તેટલી જ સહીસલામત છે; કારણ, મને મારવા કરવા આવશે ત્યારે દોડીને એના હાથમાંથી છટકવું શું મુશ્કેલ છે ?

પોતાના જાનમાલ સુરક્ષિત રહે અને છતાં દુશ્મન મરે એ માટે માણસની જ મદદ માગવી એમ તેણે મનની સાથે ઠરાવ્યું. માણસ એ ઘણું ચતુર પ્રાણી છે એમ તે જાણતો હતો. બળ ન હોવા છતાં બુદ્ધિ વડે માણસ હાથી જેવા બળવાન પ્રાણીને મારશે એમ જાણનાર ઘોડાએ એટલું ન જાણ્યું કે એ જ બુદ્ધિ વડે માણસ ધારે તો તેને પણ મારી શકે. ગરજવાન એટલી અક્કલ ક્યાંથી દોડાવી શકે ? ઘોડો માણસને શરણ ગયો.

દૂરથી માણસે ઘોડાને આવતો જોયો. વાહ, શું ઉત્તમ પ્રાણી ઇશ્વરે પણ પેદા કર્યું છે ને! એમ મનમાં વિચારતો વિચારતો એ તો એકીટશે ઘોડાને નીરખી જ રહ્યો. લાડુ જોઇને બાળકના મનની જેવી દશા થાય તેવી ઘોડાને જોઇને માણસના મનની દશા થઈ.

ઘોડાએ આવીને માણસના પગમાં લાંબા પડીને નમસ્કાર કર્યા અને ગદ્‌ગદ્ કંઠે પોતાના આવવાનું કારણ નિવેદન કર્યું. તેણે કહ્યું, 'માણસ કાકા, અત્યારે મને એક તમારો જ આધાર છે. ગમે તેમ કરો, પણ મારૂં આટલું એક કામ કરી આપો. તમારો પાડ હું કદી નહિ ભુલું.'

ઘોડાએ તે વખતે માણસની આંખ તપાસીને જોઇ હોત તો તેમાં 'ઠીક લાગ આવ્યો છે' એવી લુચ્ચાઇ ભરેલી વૃત્તિ તે ઉકેલી શકયો હોત. પણ ગરજવાનને અક્કલ ન હોય.

માણસે કહ્યું કે 'ભાઇ ઘોડા, તારા જેવા સુંદર પ્રાણીનું કામ કોણ ન કરે? પણ તું જાણે છે કે હું તો સાવ નાનો છું. મારાથી ઉતાવળે દોડી પણ શકાતું નથી. તારો વેરી હાથી



કેવડો જબરો! એનું બળ કેટલું? છતાં હું કહું તેમ તું કરે તો મને ઉમેદ છે કે હું તને મદદ કરી શકીશ.'

ઘોડાએ કબુલ કર્યું, 'જેમ કહેશો તેમ કરીશ. મારે માટે કરવું છે ને? કયાં તમારૂં કામ છે?'

ઘોડાએ મોંમાં આંગળી આપી, એટલે હવે માણસ હળવે હળવે એનો પોંચો ગળવાની તૈયારી કરવા લાગ્યો. એણે કહ્યું, 'મને તારી પીઠપર ચડીને બેસવા દે.' ઘોડો કહે, 'ખુશીથી.'

'મારે કઇ તરફ જવું છે એ તને ખબર પડે તેટલા માટે તારા મોંમાં લગામ નાખવા દે.'

ઘોડો કહે, 'કબુલ.'

'મારે ઉતાવળું કે ધીમું ચાલવું છે તે તું સમજે તે માટે તારાં પડખાંમાં લોખંડી એડીઓ મારવા દે.'

ગરજુ ઘોડાએ કહ્યું, 'ભલે તેમ.'

કબુલાત થઇ ગઇ. ઘોડા ઉપર ચડીને માણસ હાથીને હરાવવા ચાલ્યો. યુદ્ધમાં બુદ્ધિમાન માણસે હાથીને પાડયો.

માણસ એ બીડમાં જ રહ્યો. ઘોડાના મોંમાં લગામ કાયમ હતી.

માણસ હવે આજ જશે, કાલ જશે, એમ ઘોડો દહાડા ગણતો હતો. પણ પેલાની તો જવાની દાનત જરાયે જણાતી ન હતી. એક દિવસ ઘોડાએ કહ્યું,

'માણસ કાકા, આ જન્મમાં તો હું તમારૂં ઋણ નહિ ફેડી શકું. પણ મારી ખાતર હવે તમારે તમારાં બૈરીછોકરાંનો વિયોગ ખમવાની જરૂર નથી. હવે તો હું મારૂં ફોડી લઇશ.'

પરોપકારી માણસ બોલ્યો, 'તને એમ એકલો મુકીને મારાથી કેમ જવાય? બૈરીછોકરાંને તો હું અહીં જ તેડી લાવનાર છું. તેં મારૂં શરણ લીધું તો મારે તને પુરી મદદ કરવી એ મારો ધર્મ છે. તું તારા પોતાના જ જોર વડે એકલો રહેવા જેટલો હોશીઆર થઇ જા, ત્યાર પછી જ હું અહીંથી ખસી શકું.

ઘોડાને કાળજે હવે ફડકો પેઠો. થોડા દિવસ રહીને એણે ડરતાં ડરતાં પુછ્યું, 'મારી જીભમાં છાલું પડ્યું છે. મારા મોંમાંથી આ લગામ............'

ડોળા કાઢીને મોટા ઘાંટા તાણીને માણસ બોલ્યો, 'ફિટકાર છે તને, નિમકહરામ! તારે માટે મેં મારાં ઘરબાર છોડ્યાં, જીવનું જોખમ ખેડીને મેં હાથી જેવા મહા બળવાન પ્રાણી સાથે યુદ્ધ કર્યું, અને આટલી એક લગામ પણ તારાથી નથી ખમાતી? આવા નિમકહરામનો ભરોસો શો? કાંટાવાળી લગામ પહેરાવ્યા વગર તું પાંસરો ચાલવાનો જ નથી.'

ઘોડાએ ઘડીક ડેકડા માર્યા. લગામના કાંટાથી તાળવું ફૂટી જતું હતું. ચાબુકના ફટકાથી પીઠ ચીરાઇ જતી હતી. એડીના ઘાથી પડખાં વીંધાઈ જતાં હતાં. તેના ડેકડા બધા સુકાઇ ગયા.

ઘોડાનો આજની ઘડી સુધી છુટકારો થયો નથી. સ્વતંત્રતા શું એ હવે તો એને યાદ પણ નથી રહ્યું.

જુગતરામ દવે

૨

ભવિષ્યપુરાણ

માણુસને થયું કે ઘોડો હવે સ્વતંત્રતા ભુલી ગયો છે. પણ જેમ ડુબી ગએલો સુરજ રાત પુરી થયા પછી ઉગ્યા વગર રહેતો નથી, તેમ જ સ્વતંત્રતાનો ખ્યાલ પણ ફરી ઉગ્યા વગર રહેતો નથી. સ્વતંત્રતા એ આત્માનો ગુણ છે, અને તેથી તે આત્મા જેવી જ અમર છે. ઘણાં વરસ સુધી માણસની સેવા કર્યા પછી માણસનો સ્વભાવ ઘોડો ઓળખતો થયો. તેણે જોયું કે પોતે એકલાએ જ સ્વતંત્રતા ખોઇ નથી. ઘોડાની સેવા ઉપર હમેશ આધાર રાખીને માણસ પણ પરાવલંબી થયો હતો. ઘોડાએ વિચાર્યું, 'વફાદારીથી માણસની સેવા કરૂં તોયે લોઢાની એડીનો માર તો ખાવો જ પડે છે. કાંટાવાળી લગામ પણ પોતાનું કામ કર્યા જ કરે છે. આવું દુઃખ સહન કરીએ એના કરતાં મરવું બહેતર છે.'

ઇશ્વરનો સ્વભાવ વિચિત્ર છે. જે મરવાને તૈયાર થાય છે તેને જીવવાનો માર્ગ તે તરત જ બતાવી દે છે.

ધૂર્ત માણસના ધ્યાનમાં ન આવે એવી એક યુક્તિ ઘોડાને સુઝી. ઘોડાએ મનમાં કંઇક નિશ્ચય કર્યો અને નીરાંતે સુઇ ગયો. બીજે દિવસે ઘોડાએ માણસે આપેલું ઘાસ ખાવાની ના પાડી. માણસ ગભરાયો. અત્યાર સુધી ઘોડાને લાગતું હતું કે પોતાને માટે જ તે ઘાસ ખાય છે. ઘોડો ઘાસ ખાય એમાં માણસનું પણ હિત રહેલું છે, એ વાત તે રાત્રે તેના ધ્યાનમાં આવી. માણસ ક્રોધે ભરાયો. ઘોડા ઉપર જીન કસીને માણસે સવારી કરી. તે દિવસે ઘોડાએ માણસને લઈ જવાની ના પાડી નહિ. માણસે વિચાર કર્યો, 'આજે એનો ડુચો કાઢવો જોઇએ, એટલે એની મેળે ઘાસ ખાશે.' ઘોડો થાકીને લોથ થઈ ગયો અને ઘેર આવ્યો. માણસે એની આગળ ઘાસ નીર્યું. પણ હરિના કસમ, ઘોડો ઘાસ શાનો ખાય? માણસ મુંઝાયો, 'હવે મારૂં શું થશે? આ ઘોડાને આધારે મેં આટલી પ્રવૃત્તિ વિસ્તારેલી છે. હવે આ ઘોડા વગર તેને હું કેમ પહોંચી વળું?' બીજે દિવસે એણે એક ચાબુક લઇને ઘોડાને ઝંઝેરી નાખ્યો. ઘોડાને થયું, 'પાછળના બે પગથી લત્તાપ્રહાર કરી દાંત વતી જ માણસને કરડી ખાઉં!' પણ પાછો ઘોડાને વિચાર થયો, 'ધૂર્ત માણસ આગળ મારી શક્તિ ચાલે એમ નથી, તો પછી શક્તિ નકામી વાપરીને ક્ષીણ થઈ જવું શા કામનું?' ઘોડાએ ગમ ખાધી અને મુંગે મોઢે માર ખાઇ રહ્યો. હવે ઘોડાને નવો ઉપાય સુઝ્યો. માણસને મારવાને પગ ન ઉગામવા જેટલો તેણે સંયમ કર્યો તેથી તેને સુઝ્યું કે, 'મારા પોતાના બચાવ માટે હું પગ ન હલાવું તો એ જાલિમ માણસને લઇ જવા માટે તો પગ શાને જ હલાવું?'

બીજે દિવસે માણસે જીન કસ્યું, લગામ ચડાવી અને ઘોડા ઉપર સવાર થયો. ' ડચ ડચ, ડચ ડચ. કેમ ? ઘોડો કેમ નથી ચાલતો ? ' ' કડાબ ફટ ! ' ચાબુકનો અવાજ થયો, પણ વ્યર્થ. પુતળાની માફક ઘોડો ઉભો જ રહ્યો. માણસે વિચાર કર્યો, 'આને મારવાથી પોતાનું જ નુકસાન છે. ઘોડો મરી જશે તો ઘોડા કરતાં મારૂં જ નુકસાન વધારે થશે. ' દૂરંદેશી વાપરીને માણસે મિહમેજ ઉતારી નાખ્યા, લગામ કાઢી નાખી અને ઘોડાના ગળામાં એક દોરડું બાંધીને સવાર થયો.



ઘોડાએ પણ વિચાર કર્યો, ' થયું એ ઘણું થયું. હવે તો આપણે ચાલી શકીએ. ' ઘોડો બધા રસ્તા જાણતો જ હતો, ક્યારે ક્યાં જવાનું હોય છે એ પણ એના ધ્યાનમાં હતું, એટલે માણસ અને ઘોડો સુખેથી રહેવા લાગ્યા. પણ નહિ. મરીને સજીવન થયેલી સ્વતંત્રતા આટલાથી કેમ સંતોષ માને ? ઘોડાને દોરડું પણ અસહ્ય થઈ પડ્યું. જુનું દોરડું કાઢીને નવું દોરડું બાંધવા માણસ આવ્યો ત્યારે ઘોડાએ ફરી પોતાનું રૂપ પ્રકાશ્યું. માણસે બિચારે લાચારીથી દોરડું પણ કાઢી નાખ્યું. હવે તો ઘોડાની ઇચ્છા થાય ત્યારે જ તે માણસને લઇ જાય, અને મનમાં ન આવે ત્યારે ચોકખી ના પાડે. આવી અનિશ્ચિત સેવાથી માણસ કંટાળ્યો. ધીમે ધીમે તેણે પોતાની પ્રવૃત્તિ ઓછી કરી. તે સ્વાવલંબી બન્યો અને ઘોડાને પણ પોતાનું બાડ મળી ગયું. જે સ્થિતિ પહેલાં હતી તે સ્થિતિ ઉપર બન્ને આવ્યા; પણ બન્નેના અનુભવમાં કેટલો ઉમેરો થયો હતો !*

કાકા કાલેલકર

* સત્યાગ્રહાશ્રમના વિદ્યાર્થીઓના હસ્તલિખિત દ્વૈમાસિક 'મધપૂડા'માંથી.

જેસળ—તોળલનું ભજન

પાપ તારૂં પરકાશ જાડેજા ધરમ તારો સંભાળ રે,
તારી બેડલીને બુડવા નહિ દઉં, જાડેજા રેઃ
એમ તોળલ કહે છે જી.

વાળી ગોંદરેથી ગાય, તોળી રાણી, વાળી ગોંદરેથી ગાય રે,
એની ભાણેજાં મારીઆં, તોળલદે રેઃ
એમ જેસળ કહે છે જી.

પાદર લુંટી પાણીઆર, તોળી રાણી, પાદર લુંટી પાણીઆર રે,
વનના તે મોરલા મારીઆ, તોળલદે રેઃ
એમ જેસળ કહે છે જી.

ફોડી સરોવરપાળ, તોળી રાણી, ફોડી સરોવરપાળ રે,
વનકેરા મૃગલા મારીઆ, તોળલદે રેઃ
એમ જેસળ કહે છે જી.

લુંટી કુંવારી જાન, તોળી રાણી, લુંટી કુંવારી જાન રે,
સતવીશું મોડબંધા મારીઆ, તોળલદે રેઃ
એમ જેસળ કહે છે જી.

હરણુ હર્યાં લખચાર, તોળી રાણી, હરણુ હર્યાં લખચાર રે,
એવાં કરમ તો મેં કર્યાં, તોળલદે રેઃ
એમ જેસળ કહે છે જી.

જેટલા માથાના વાળ, તોળી રાણી, જેટલા માથાના વાળ રે,
એટલાં કરમ તો મેં કર્યાં, તોળલદે રેઃ
એમ જેસળ કહે છે જી.

બોલીઆ જેસળ વીર, તોળી રાણી, બોલીઆ જેસળ વીર રે,
મારા સાધુને તમે તારજો, તોળલદે રેઃ
એમ જેસળ કહે છે જી.

જેસળ અને તોળલ કાઠીઆવાડમાં માર્ગી પંથનાં મોટાં ભક્તજન થઇ ગયાં છે. તોળલદે સલડી ગામના કાઠી સાસટીઆજીની રાણી હતી. જેસળ કચ્છમાં આવેલા અંજાર ગામનો ફટાયો જાડેજો હતો. જુવાનીના મદમાં જેસળ રાજ્યમાં કૈં કૈં તોફાન કરતો. આથી ભાઈભાભીએ તેની અવગણના કરવાને લીધે એણે રાજ સામે બહારવટું ખેડ્યું, અને તે ભાઇના રાજ્યની રૈયતને લુંટવા લાગ્યો. ધીમે ધીમે તેની આ લુંટની આદત એટલી તો બુરી અને જંગલી બની ગઈ કે તે જુદા જુદા જાતનાં ઘોર પાપ કરવા લાગ્યો. તેના જુલમનો પાર ન રહ્યો.

એકવાર જેસળે સાંભળ્યું કે તોળલ નામની કોઇ સુંદર કાઠી રાણી પાસે એક અતિ રૂપાળી ઘોડી છે. એને એ ઘોડી ચોરવાનું મન થયું. સાસટીઆજી માર્ગી પંથના મોટા ભક્ત હતા. એમને ઘેર ફળીઆમાં રાત્રે સૌ ભક્તો ભજન ગાઇ રહ્યા હતા તે વેળા જેસળ છાનોમાનો પહોંચ્યો અને દોરડા સુદ્ધાં ઘોડીનો ખીલો ઉખેડવા લાગ્યો. ચાલાક પ્રાણી હણહણવા માંડ્યું. મોડી રાતે પાળેલી ઘોડીનો ભયભરેલો અવાજ આવવાથી સૌ અજાયબ થયાં. ભજનો અટક્યાં. તોળલ ઘોડીની ખબર કાઢવા ગઈ. જેસળ પકડાઈ જવાની બીકે ખીલા પાછળ ઘાસના ઢગલામાં સંતાઇ ગયો. ખીલો નીકળી ગયેલો જોઇ તોળલે તેને ભોંયમાં મજબુત ઠોક્યો. ભોગજોગે જેસળનો હાથ નીચે આવી ગયો અને તેની હથેળી સોંસરો એ ખીલો ઠોકાયો. પણ છતા થઇને પકડાઇ જવાની બીકે બહાદુર બહારવટીઆએ આ દુઃખ ખમી લીધું. તેણે ખીલો પાછો ખેંચવાની બહુ મહેનત કરી, પણ તોળલે ઠોકેલો ખીલો એટલો મજબુત હતો કે જેસળ તે ઉખેડી શક્યો નહિ. આવા અતુલ બળ અને સૌંદર્યવાળી સ્ત્રી જોઇને જેસળને તેના ઉપર મોહ ઉપજ્યો. એટલામાં ભજનો પુરાં થયાં અને પ્રસાદ વહેંચાવા લાગ્યો. જ્યારે જ્યારે ભજનો બેસતાં ત્યારે બરાબર બધી મંડળીને પ્રસાદ પુરો થઈ રહેતો; બાકી કંઇ વધતો નહિ. આજે એક જણને થાય તેટલો પ્રસાદ વધ્યો. સૌને આશ્ચર્ય થયું. બધાંને પ્રસાદ મળી ગયો છે કે કેમ એવી પુછપરછ થઇ. પ્રસાદ લીધા વિનાનું કોઇ ન હતું. એટલામાં ઘોડી પાછી ભડકી અને હીસવા માંડી. કોઇક પણ હોવું જોઇએ એમ ધારી સૌ ઘોડી પાસે ગયાં. જઇને જુએ છે તો 'જગનો ચોરટો' જેસળ! ગમે તેમ પણ જેસળ પોતાનો અતિથિ થયો, એટલે ભગત સાસટીઆજીએ એને છુટો કર્યો અને માયાળુપણે એને નિર્ભય કરી એનો આદરસત્કાર કર્યો. છેવટે 'જે કાંઇ તમારે જોઇએ તે માગી લો.' એમ ઉદાર કાઠી રાજા બોલ્યો. જેસળે લાગ આવ્યો જાણી તોળલ માગી. અતિથિને દેવ માનનારા સાસટીઆજીએ રાણીને આજ્ઞા દીધી કે તમે હવે જેસળની જોડે જાઓ. સતી તોળલદે તરત સ્વામીના શબ્દો માથે ચડાવી ચાલી નીકળી.

ઘોર રાતે કચ્છ જવા માટે તેઓ કાઠીઆવાડના કોઈ બંદરેથી હોડીમાં બેઠાં. જેસળનાં કાળાં પાપને લીધે દરીઓ તોફાની બન્યો અને બેડલી બુડવા માંડી. નિર્દોષ પ્રાણીઓનો જીવ લઇને* જેણે પોતાનો જીવ ખુબ વહાલો કર્યો છે એવો જેસળ બેડલીને બુડતી જોઇને બહુ બીવા લાગ્યો. એ પડ્યો... એ ડુબ્યો... એમ મનમાં થવા લાગ્યું. સતી તોળલ તો ધર્માત્મા હતી. મરણની પળે એ ગંભીર બની. એ વખતે એણે આશ્વાસન આપી

'પાપ તારૂં પરકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે,
તારી બેડલીને બુડવા નહિ દઉં, જાડેજા રે......'

એવાં જે વચનો જેસળને કહ્યાં અને એનો જેસળે ખુલ્લે દિલે જે ઉત્તર વાળ્યો તે ભજનના રૂપમાં ઉપર આવ્યો છે. તોળલ જેસળને બધાં પાપ માની જવા અને તેનો ખરો પસ્તાવો કરવાનું કહે છે.* અને આ ગંભીર સમયે જેસળ પણ પોતાનાં બધાં કુકર્મ ખુલ્લાં કરી કબુલે છે.

---

* અંગ્રેજ લોકોમાં પણ એવો રિવાજ છે કે મરતો માણસ મોતને બિછાને પડ્યો પડ્યો આખી જીંદગીમાં કરેલાં પાપ પાદરી આગળ કબુલ કરી દે છે. તેઓ માને છે કે એમ કર્યે જ એમનો આત્મા પાપમુક્ત થાય છે. ઘણાં દુઃખની ઘડીએ માણસ પોતાનાં પાપ સંભારે છે ને અંતરથી પસ્તાવો કરે છે. એ ન્યાયે જેસળને પાપ વિનાનો કરવા તોળલ પણ આ રસ્તો બતાવે છે.

એ સૌ પાપ રાક્ષસી કામો છે. સામાન્ય રીતે તો બહારવટીઆ બહુ વિવેકી અને સુજન હોય છે. તેમને રાજ્ય સામે બહારવટું હોય તો માત્ર રાજ્યનાં કામકાજે જતાં માણસોને જ તેઓ સતાવે છે. બીજાં નિર્દોષ પ્રાણીને તેઓ નાહક દુઃખ દેતા નથી. દુઃખી અને ગરીબ માણસોને તો તેઓ ઉલટી બને તેટલી મદદ કરે છે. એવા બહારવટીઆ કદી જાન લુંટતા નથી; સ્ત્રીઓને હેરાન કરતા નથી. પણ જેસળ કંઇ આવી ખાનદાન કોટિનો બહારવટીઓ નહોતો. એ તો મોટો ચોર અને લુંટારો હતો. બુડતી બેડલીમાં એ ગંભીર મરણની પળે એને એનાં બધાં પાપ સાંભરી આવ્યાં. એ સંભારી સંભારી એને ત્રાસ છુટવા લાગ્યો, અને ત્રાસેલે હૈયે તે એક પછી એક બધાં કબુલ કરતો ગયો.

પાપની યાદી પુરી થઇ અને અંતરમાં પસ્તાવાનો પાર ન રહ્યો. ત્યારે દરીઓ શાન્ત થતો હતો; અંધારૂં ઉડવા માંડ્યું, હોડી થર થવા લાગી અને જેસળના જીવમાં જીવ આવ્યો. એને મન તોળલદે તો જીવનદાન દેનારી દેવી દેખાઈ. બેઠો હતો ત્યાંથી ઉઠી 'ઓ માડી!' કરતો તોળલદે આગળ એ ઢળી પડ્યો. સતી ઉપર એને જે ખોટો મોહ હતો તે ઉતર્યો. પોતાના પાપનો ઘડો ખાલી કર્યો એટલે જાણે મન ઉપરથી સો મણનો બોજો ઉપડી ગયો હોય તેમ જેસળ પ્રભુની આ દુનીઆમાં પોતાને તદ્દન છુટો માનવા લાગ્યો. સતીને ગુરુ તરીકે સ્થાપીને આતિથ્ય-વીર ભક્ત સાસટીઆજીને દીન વદને પાછાં સોંપ્યાં. તે દિવસથી 'જગનો ચોરટો' જેસળ જીવ્યો ત્યા લગી સાધુ પુરુષ બની રહ્યો.

દિગ્વિજયનું મુળ

રાજા ફિલિપ પાસે કોઇ ઘોડા વેચનારો એક પાણીવાળો ઘોડો લઇ આવ્યો.

'ઘોડો પાણીદાર લાગે છે.' રાજાએ કહ્યું. 'તેની કિંમત શું થાય છે?'

'તેર ટૅલન્ટ, નામવર.' ઘોડાવાળાએ કહ્યું. તેર ટૅલન્ટ એટલે ૩૨૫૦૦ રૂપીઆ.

'તેને મેદાનમાં લઇ જઇ આપણે ફેરવી જોઇએ.' રાજાએ હુકમ કર્યો.

પણ ઘોડાએ કોઇને સવાર થવા દીધો નહિ. તે ફુંફાડા નાખવા લાગ્યો, પગ વડે જમીન ખોદવા લાગ્યો, ઝાડ થવા લાગ્યો; બધા ઘોડાવાળાઓની સામે તે હુંકારા કરવા લાગ્યો.

'એને લઇ જાઓ;' રાજાએ હુકમ કર્યો. 'બહુ જ જંગલી છે.'

'કેવો સરસ ઘોડો આ લોકો ગુમાવી બેસે છે!' રાજાના નાના કુમાર ઍલેક્ઝાન્ડરે કહ્યું. 'અને તે પણ આ જ ખામીને લઇને? કેવી દિલગીરીની વાત!'

રાજાએ કહ્યું, 'તારા વડીલો કરતાં જાણે તું વધારે ડાહ્યો હો તેમ એમનો વાંક કાઢે છે? જાણે કે તું વળી ઘોડાને વધુ સારી રીતે કાબુમાં રાખી શકે!'

'અને હું રાખું પણ.' ઍલેક્ઝાંડરે કહ્યું.

'જો તું તેના પર સવારી ન કરી શકે તો તેનો શો દંડ ખમીશ?' રાજાએ પુછ્યું.

'આ ઘોડાની કીંમત ભરી આપીશ.' કુમારે કહ્યું.

પાસે ઉભેલાઓ હસ્યા. પણ રાજા ફિલિપ કબુલ થયો અને ઍલેક્ઝાંડર ઘોડા તરફ દોડ્યો. પહેલવહેલાં તો તેણે લગામ પકડી અને ઘોડાનું મોં સૂર્ય તરફ ફેરવ્યું. કારણકે તેણે જોઇ લીધું હતું કે ઘોડો માત્ર પોતાના પડછાયાથી ભડકતો હતો. માયાળુ શબ્દો બોલીને તેણે ઘોડાની સુંવાળી પીઠ થાબડી. ધીમે ધીમે પાણીદાર પ્રાણી શાંત થયું. યુવાન કુદકો મારી ઉપર ચડી બેઠો.

દૂર......દૂર......ઓ જાય......'

વિજળીના ચમકારાની જેમ યુવાન અદ્રશ્ય થઇ ગયો એ રાજા અને પ્રજા અસ્વસ્થ લાગણીથી જોઇ રહ્યાં. પણ જ્યારે તેઓએ ઘોડાને, પોતાની પીઠ ઉપર શાંતિથી, દ્રઢતાથી અને અભિમાનથી બેઠેલા શેઠને લઇને પાછો આવતો જોયો ત્યારે રાજા સિવાય બધાએ તેને હર્ષથી વધાવી લીધો. પુત્રની હિમ્મતથી બાપની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં અને તેને કોટિ કરી કહ્યું: 'બેટા, જા અને કોઇ બીજું મોટું રાજ્ય શોધી લે; કારણકે તું એટલો મહાન છે કે મેસીડોનીઆનું આ રાજ્ય તારે માટે બહુ જ નાનું છે.'

આ યુવાન પાછળથી દિગ્વિજયી મહાન સિકંદરના નામથી ઓળખાયો.

પ્રભુદાસ ઠક્કર



ઍલેકઝાન્ડરના મ્હોરાવાળા તેના વખતના એક સિક્કા ઉપરથી

મો ટે રો



બા, આ તારી છોડી તો એવી મુરખી છે! કાંઇ કીધાની વાત નહિ! સાવ બાઘ્રામંડળ!

અરે, આ શેરીના દીવા અને આકાશના તારા વચ્ચે શો ફેર છે, એટલુંયે એ નથી જાણતી!

જ્યારે અમે પાંચીકા મુકી ખોટેખોટે 'ખાવું ખાવું' રમીએ છીએ ત્યારે એ તો એમ જ માને છે કે એ સાચેસાચ ખવાય જ: અને એમ ધારીને એ પાંચીકા મોંમાં મુકવા જાય છે.



જ્યારે હું તેની આગળ ચોપડી ઉઘાડીને કક્કો શીખવાનું કહું છું ત્યારે એ ચોપડીનાં પાનાં ફાડી નાખે છે. અને અમથીઅમથી ખુશી થઈને ધુમાધુમ કરી મુકે છે. આ એનું ભણવાનું!

જ્યારે હું ગુસ્સે થઇને તેના તરફ માથું ધુણાવું છું અને 'તોફાની!' કહીને તેને ખીજું છું, ત્યારે એ તો એને રમુજ ગણીને હસી કાઢે છે!



બધાયે જાણે છે કે બાપા બહારગામ ગયા છે. પણ હું જો રમતરમતમાં કહું કે 'એ બાપા આવ્યા!' તો એ, બાપા જાણે આટલામાં જ હશે એમ માનીને, હાંફળી ફાંફળી આમતેમ જોવા મંડી પડે છે.

આપણા ધોબીનાં ગધેડાં ભેગાં કરીને હું નિશાળ માંડું છું અને એને ચેતવી દઉં છું કે 'જો, હું મહેતાજી થયો છું, હાં!' ત્યારે એ તો કંઇ સમજ્યા કર્યા વિના તાલી તાલી ખુશી થઇને ચીસો પાડ્યા કરે છે અને કહે છે, 'એ મોટાભાઇ!'

તારી છોડીને વળી ચાંદો પકડવાનું તો મન થાય છે! અરે, એ એટલી તો બાઘી છે કે ગણેશને 'ગનેછ' કહે છે!

બા, તારી છોડી તો બહુ મુરખી છે. કાંઇ કીધાની વાત નહિ!*

'કાળીનો એક્કો'

* રવીન્દ્રનાથ ઠાકુરના અંગ્રેજી ઉપરથી

બુઢ્ઢો દાદખાં

૧

નળ નંહોતા થયા તે પહેલાં ગામના રસ્તા બહુ ધુળીઆ અને ગંદા લાગતા.

વીસ વર્ષ પર અમીનાબાદમાં બુઢ્ઢો દાદખાં પોતાની પાણીની પખાલ દરેક રસ્તા પર ફેરવીને લોકોને ઠંડક કરી આપતો. લોકો રોજ સવારમાં જોતા કે બધા રસ્તા તેમના જાગ્યા પહેલાં પાણીથી છંટકાઇ ગયા હોય.

સાંજે પાછો દાદખાં તેના પખાલ લઇને નીકળતો; તે વખતે પોળનાં છોકરા પખાલમાંથી નીકળતા પાણીની છાંટ લેવા તેની પાછળ હર્ષભર્યા દોડતાં.

દાદખાં ચાળીસ વર્ષથી પાણી છાંટતો, એટલે આખું ગામ તેને ઓળખતું. તેનો બળદ પણ તેટલો જ ઘરડો લાગતો. દાદખાંનો તેના પર બહુ પ્રેમ હતો. એ રોજ તેનાં શીંગડાં પર ફુલના તોરા લગાવી તેને શણગારતો.

બસ્તી દાદખાં ગામને છેડે એક નાના જુના ઝુંપડામાં તેની બુઢ્ઢી ઓરત સાથે રહેતો. ઘરમાં એ બે માણસ સિવાય એક પાળેલી બિલાડી પણ હતી.

ઘરની સામે બળદ બાંધવાનું એક છાપરૂં હતું. ખરૂં જોતાં દાદખાંના ઘર કરતાં તો તે વધારે સારૂં હતું. દાદખાંને તેના બળદ પર અતિશય પ્રેમ હતો. અને તેને એટલી જ ચિંતા રહેતી કે કોઇ દિવસ આ બળદને કોઈ બીજું હાંકશે ત્યારે તેના શા હાલ થશે !

ઘડપણમાં તેના શરીરના સાંધા કોઇ વાર દુખતા. એક દિવસ સાંજે દાદખાંના પગના સાંધા એકાએક સખત દુખવા લાગ્યા અને પથારીએ પડ્યો. તેની બુઢ્ઢી ઓરત બીચારી ગભરાવા લાગી. પણ સુભાગ્યે રાત્રે વરસાદ પડ્યો એટલે પાણી છાંટવા જવાની ચિંતા રહી નહિ, અને તેણે શાંતિથી દર્દની સારવાર થવા દીધી.

પણ બીજે દહાડે એવો પવન છુટ્યો કે ગામમાં બધે ધુળ ધુળ થઇ રહી. લોકો મુંઝાઇને અંદર અંદર પુછવા લાગ્યા કે આજ આમ કેમ ? દાદખાં ક્યાં ગયો ? કોઇએ કહ્યું કે તે સંધીવાથી પીડાતો બીછાને પડ્યો છે.

૨

બીબી આજ મને દરદ નથી. આજ તો હું ઉઠીશ.' દાદખાંએ કહ્યું.

'ના; ગમે તેમ થઈ જાય પણ આજે તમારે બહાર નીકળવાનું નથી.' બીબીએ કહ્યું, 'હું જમાલીઆને બોલાવીશ. તમે તો આરામ જ લો.'

'જમાલીઓ, બેવકુફ છોકરો ! પાણી નકામું ઢોળાઇ જવા દે અને બળદને પરોણા મારે !' દાદખાં વિચારવા લાગ્યો. તેને એ વિચારથી બહુ દુઃખ થયું. તેણે વિચાર કર્યો કે તેની બીબીએ જમાલીઆની જે ગોઠવણ કરી રાખી છે તે નિષ્ફળ કરવી. વિચારમાં ને વિચારમાં તે સુઇ ગયો.

મધરાત વીતી ગઇ એટલે બીબીને ખબર ન પડે તેમ દાદખાં ઉઠ્યો. આખા દિવસના વૈતરાથી બીબી તો બીચારી લોથ થઇને ઘસઘસાટ ઉંઘતી હતી.

દાદખાં બહાર નીકળ્યો અને બળદને બહાર લાવી પખાલ નાખી. બસ, મીઆં તો ચાલી નીકળ્યા ! બીજે દિવસ સવારમાં લોકો ઉઠીને જુએ છે તો રસ્તા બધા છંટકાઇ ગયા હતા, પાણી રેલી રહ્યું હતું અને ધુળ બેસી ગઈ હતી.

'અરે; પખાલ બહાર નીકળી લાગે છે ! જરૂર દાદખાં સારો થઈ ગયો હશે.'

પણ દહાડો ચડ્યો એટલે દાદખાંની ખ્યાતિ એક બીજી રીતે વધી ગઇ, કારણકે એક નવી વાત તેની બીબીએ પાડોશણને કહી હતી તે લોકોમાં ફેલાઇ હતી, તેથી લોકોને વધુ અજાયબી લાગી. દાદખાંને રાત્રે ઉંઘમાં ને ઉંઘમાં ઉઠીને કામ કરવાની ટેવ હતી. જુવાનીના વખતમાં દાદખાં રાત્રે ઉંઘમાં ને ઉંઘમાં ઉઠીને કામ કરતો અને આખા ગામના બધા રસ્તા તે રોજ ઉંઘમાં જ છાંટી નાખતો.



નમેલી ડોશી

: મનહર :

કેડથી નમેલી ડોશી
દેખીને જુવાન નર,
કહે, 'શું શોધો છો ?
કશી ચીજ અછતી રહી ?'
કહે ડોશી, 'બાળપણું
ખબર વિના મેં ખોયું,
જુવાનીમાં દીવાની
તારા જેવી ગતિ રહી;

છવાઇ જરાની છાયા,
કાયાના વીખાયા બંધ,
ગાયા ન ગોવિંદરાયા,
માયામાં મતિ રહી;
ઝુકી ઝુકી ડોકી
વાંકી રાખી, દલપતરામ,
જોતી હું ફરૂં છું, જે
જુવાની ક્યાં જતી રહી ?'



કવિ દલપતરામ



મોગલ સમ્રાટ ઔરંગઝેબને ભુલથાપ આપી દક્ષિણ-નો વાઘ શિવાજી આગ્રામાંથી નાઠો. માળવા અને ખાનદેશ તરફથી દક્ષિણમાં ટુંકે રસ્તે થઇને જવાય, પણ શિવાજી મહારાજે મથુરા, અલ્લાહાબાદ, કાશી ને જગન્નાથપુરીને લાંબે રસ્તે પ્રયાણ કર્યું.

એક ગામમાં ત્યાંના ફોજદાર અલીકુલીએ શિવાજીને શક ઉપરથી રોકયા ને કેદમાં પુર્યા. બરાબર મધ-રાતે શિવાજી ફોજદાર પાસે પહોંચી ગયા અને હિમ્મતથી કહ્યું કે 'હું શિવાજી છું.' ફોજદાર તો આ હિમ્મતથી દંગ થઈ ગયો. શિવાજીએ તેના હાથમાં એક લાખ રૂપીઆનો એક હીરો મુકી દીધો. ફોજદારે શિવાજીને તરત જવા દીધા.

*

એકવાર પહો ફાટયા પહેલાં શિવાજી છાને વેશે નાસતાં નાસતાં બનારસમાં આવી પહોંચ્યા. ત્યાં એક બ્રાહ્મણને ગંગાકિનારા પર આંટા મારતો જોયો. શિવાજીએ ઉતાવળમાં તેનો હાથ પકડયો, તેની મુઠીમાં સોનામહોર ને હીરા આપ્યા ને કહ્યું, 'તું મુઠી ઉઘાડયા વિના મને ધાર્મિક ક્રિયા પુરી કરાવી લે.' બ્રાહ્મણે ક્રિયા કરાવવાની શરૂઆત કરી, ત્યાં એકદમ બુમ પડી કે શિવાજી નાસી ગયેલ છે તેની શોધમાં કેટલાક સૈનિકો આવ્યા છે. બ્રાહ્મણે આ સમાચાર સાંભળવા પાછું ફરીને જોયું, ને ફરી સામે જુએ છે ત્યાં પોતાનો યજમાન મળે નહિ! બ્રાહ્મણને ત્યારે જ ખબર પડી કે પોતે શિવાજી સામે બેઠો હતો! મુઠી ઉઘાડીને જોયું તો તેને નવ હીરા, નવ સોનામહોર ને નવ દામ મળ્યા હતા.

*

ગોદાવરીના કિનારા પર એક ગામડામાં કેટલાક સંન્યાસીઓની સાથે શિવાજી પણ ઉતર્યા હતા. જે ઘેર તેઓ ઉતર્યા હતા તે ગરીબીમાં ડુબી ગયેલું દેખાતું હતું. ઘરનાં વૃદ્ધ ડોશી રાત્રે સંન્યાસીઓની પાસે આવ્યાં ને આંખમાં આંસુ લાવીને બોલ્યાં, 'જોગીરાજ! આપ તો મહાત્મા લોક છો. અમારી ચામડીના જોડા શીવડાવી પહેરાવીએ તોપણ તમારી પુરી સેવા કરી ન કહેવાય. પણ શિવાજીના લુંટારા માણસોએ ગામમાં હમણાં ધાડ પાડી છે, એટલે તમારી કાંઇ પણ મહેમાનગીરી અમે કરી શકયાં નથી!' આ ઉપરાંત વૃદ્ધ ડોશીમાએ શિવાજીના સૈનિકોને થોડાંક વેણ પણ સંભળાવી દીધાં! શિવાજી આ બધું સાંભળતા હતા. તેમણે તે ગામનું નામ તથા કુટુંબીઓનાં નામ જાણી લીધાં અને ઘેર પહોંચ્યા પછી તે કુટુંબોને પોતાને ત્યાં બોલાવી બધી નુકસાની ભરી આપી.

* * *

જલાલાબાદથી પાંચ માઇલ દૂર હીલો નગરમાં આજથી પંદરસો વર્ષ પહેલાં ચીનના ત્રણ મુસાફરો આવી પહોંચ્યા. હાડ ગાળી નાખે એવો હિમાલય પર્વત પોતાનાં ધોળાં ચકચકિત શિખરોથી આકાશ સાથે વાતો કરી રહ્યો હતો. ઠંડી તો એવી હતી કે માણસ ઠરીને ઠીકરૂં થઇ જાય. ત્રણે મુસાફરો આગળ વધ્યા ને હિમાલય ઓળંગી હિન્દુસ્તાનમાં પ્રવેશ કરવાના પ્રયત્ન કરવા લાગ્યા.

પણ થોડે ગયા પછી તેમાંથી એક મુસાફરે કહ્યું, 'ભાઇ! તમે મને છોડીને આગળ વધો. હવે હું વધારે વખત જીવી શકવાનો નથી.' આખા જંગલની ગંભીર શાંતિમાં આ ત્રણ મુસાફરો સિવાય બીજું કોઈ હતું નહિ.

બુદ્ધદેવની જન્મભૂમિનાં દર્શન કરવા ને ઠેરઠેર સચવાઇ રહેલી બુદ્ધદેવના નિશાનીઓ જોવા આ ભક્તો, ઠેઠ ચીનથી હજારો માઇલની મુસાફરી કરી આવતા હતા; અને આમ છેક વિજયની છેલ્લી ઘડીએ તેમાંથી એક મિત્ર છેલ્લા શ્વાસ લેતો હતો !

'ભાઇ! આ ઠંડી ભારે છેઃ તમે મારી ચિંતા કર્યા વગર આગળ ને આગળ વધો. તમે રહેશો તો કોઇક દિવસ આપણી જન્મભૂમિ ચીન આપણા ધર્મપિતા બુદ્ધદેવના સાચા શબ્દો પામશે.' આટલું બોલતાંની સાથે તેના પ્રાણ ચાલ્યા ગયા.

એકાન્ત જંગલમાં માત્ર બે પરદેશીઓ રહ્યા. તેઓ એકબીજાના મોં સામું ટગરટગર જુએ છે ને પાસે જ તેમના મિત્રનું અચેતન શરીર, ઠંડીમાં વધારે ઠંડું લાગતું પડ્યું છે.

જ્યાં કોઇ રૂદન કરે તેમ ન હતું તેવા પહાડી સ્થાનમાં, તે મૃત શરીરના હૃદયની સામે હૃદય લગાવીને, એક માણસ છાતીફાટ રોઈ રહ્યો છે! આખા જંગલમાં તેના રૂદન સિવાય બીજો સ્વર નથી; તેનાં ડુસકાં સિવાય બીજી અશાંતિ નથી; તેના મિત્ર સિવાય કોઇ જીવતું પ્રાણી નથી !

હૃદય ફાટે તેવો વિલાપ કર્યા પછી તે શાંત થયો. પોતાનાં જુનાં વસ્ત્રો ને ગ્રંથોની બે ચાર પોટલી ખભે નાખી, ઉંચે આકાશ સામે એક શ્રદ્ધાભરી દૃષ્ટિ ફેંકી, વારંવાર મૃત શરીરને જોતો, રોતો ને પાછો વળતો પોતાના મિત્રની સાથે તે ચાલતો થયો. પર્વતોમાં પહેલાંના જેવી જ શાન્તિ પથરાઇ ગઈ.

તે પ્રખ્યાત ચીનાઇ મુસાફર ફાહિયાન હતો.

*

શ્રાવસ્તી નગરીથી બરાબર બારસો કદમ દૂર જીતવન વિહારનાં સુંદર વૃક્ષો ને સુગંધી પુષ્પક્યારાઓ આવી રહ્યાં છે. ત્યાં બુદ્ધદેવની શુદ્ધ ચંદનની મૂર્તિ અત્યંત સૌમ્ય વાતાવરણ ફેલાવતી આરૂઢ થયેલી છે. એ મૂર્તિની સામે બે પરદેશી મુસાફરો ભીની આંખે ઉભા છે.

વિહારમાંથી સાધુ લોકો આવીને કંઇ પુછે તે પહેલાં તેમની આંખોમાંથી આંસુનો પ્રવાહ ચાલી રહ્યો. બન્ને જણા વારંવાર બુદ્ધદેવની મૂર્તિ જુએ છે ને દરેક વખતે નવાં નવાં આંસુથી તેમના ગાલ ભીંજાય છે. સાધુ લોકોને અત્યંત આશ્ચર્ય થયું ને તેમણે પુછ્યું, 'આપ ક્યાંથી આવો છો?'

'અમે બન્ને ચીનથી આવીએ છીએ. અમારી સાથે ઘેરથી ઘણા આદમી નીકળ્યા હતા. રસ્તાથી કંટાળી કેટલાક પાછા વળ્યા; કેટલાક પર્વતોમાં નામનિશાન ન મળે તેમ મરી ગયા. આજે એ અસંખ્ય મિત્રોમાંથી માત્ર અમે બે બુદ્ધદેવનાં દર્શન પામ્યા!'

વિહારના અનેક સાધુઓ શ્રદ્ધાની જીવન્ત મૂર્તિઓ જેવા આ બે ચીનાઈ મુસાફરો તરફ અત્યંત માન ને ભક્તિભાવે જોઇ રહ્યા.

આ બે મુસાફરો તે ફાહિયાન ને તેનો મિત્ર ટાઉચીંગ.

*

ચીનથી હજારો કોસ દૂર હિન્દુસ્તાનની દક્ષિણમાં સિંહલદ્વીપ અથવા લંકાનો બેટ છે. જે વૃક્ષ નીચે બુદ્ધદેવને જ્ઞાન થયું તે બોધિવૃક્ષની એક ડાળ અહીં લાવીને વાવવામાં આવી છે. ફાહિયાન બુદ્ધદેવનાં બધાં પવિત્ર સ્થળોની યાત્રા કરવાની ઇચ્છાથી મુસાફરી કરતો હતો. ફરતો ફરતો તે અહીં પણ આવી પહોંચ્યો. ત્યાં એક કરુણ બનાવ બન્યો.

એક દિવસ ફાહિયાન બુદ્ધદેવની મૂર્તિ પાસે બેઠો હતો. દિવસો થયાં તે મૂર્તિના જેવું જ તેનું હૃદય કોમળ બન્યું હતું. ચીનથી નીકળ્યાને આજ બાર ચૌદ વર્ષ થવા આવ્યાં હતાં. તે દરમ્યાન એની જન્મભૂમિ વિષે એણે કાંઇ પણ સાંભળ્યું ન હતું. ફાહિયાનના મનમાં ચીનની જમીન, ચીનના પત્થર, ચીનના લોકો અને પ્યારા ચીનદેશની વાતો ઘુમી રહી હતી.

એક વખત ફરીને માતૃભૂમિનાં દર્શન કરવા માટે તે તલસી રહ્યા હતો. એટલામાં ત્યાં કોઈ એકલદોકલ યાત્રાળુએ આવી ચીનમાં બનેલા પંખાની ભેટ બુદ્ધદેવની મૂર્તિ પાસે ધરી. પોતાના પ્યારા દેશની આટલી પણ

નિશાની આટલા વર્ષે અને આટલે દૂર જોવા મળી એ વિચારથી ફાહિયાનનું હૃદય પાણીપાણી થઇ ગયું. તે પંખાને જોઇને, નાનું બાળક અનેક વર્ષથી વિખુટી પડેલી માતાને જોઈને જેમ રડી ઉઠે તેમ ફાહિયાન રડી ઉઠયો.

* * *

રાજગૃહી નગરીમાં બિમ્બિસાર રાજ્ય કરતો હતો. એકવાર એવું બન્યું કે નગરીમાં આગ લાગી.

રાજાને લાગ્યું કે એક માણસ બેદરકાર રહે તેને લીધે આખી નગરીને સોસવું પડે તે ઠીક નહિ. આગ બુઝાયા પછી તેણે આજ્ઞા કરી કે હવેથી જેના ઘરમાં આગ લાગે તેણે જંગલમાં રહેવા જવું.

આ આજ્ઞા પ્રસિદ્ધ કર્યા બાદ થોડા દિવસે તેના પોતાના જ મહેલમાં આગ શરૂ થઇ.

અમલદારોએ કહ્યું કે, 'રાજાનું કામ કાયદા બાંધવાનું છે, પણ કાયદા બાંધનારથી કાયદો વધારે મોટો હોઇ શકે નહિ.'

લોકોએ કહ્યું કે, 'આપે આજ્ઞા પ્રસિદ્ધ કરી છે ખરી; પણ આપ તો રાજા છો, માટે ઇચ્છામાં આવે તેમ આજ્ઞા ફેરવી શકો છો.'

પણ રાજા બિમ્બિસાર પોતાનો મહેલ છોડીને જંગલમાં રહેવા જવા ચાલી નીકળ્યો અને સૌને કહ્યું, 'હવે પછી આવું નબળું મન રાખશો નહિ. કાયદા બાંધનાર માટે તો કાયદો સૌથી વધારે બંધનકર્તા છે.'

'ધૂમકેતુ'

હાથ જોડી ના બેસો

:કાફી :

હાથ જોડી ના બેસો, રે ભાઇ, હાથ જોડી ના બેસો !

કરવું હરિને હાથ ખરૂં, પણ સાથ શું શ્રમ નહિ લેશો ?
હાથ જોડીને બેસી જ રહેતાં, ખાશો જગતની ઠેશો. રે ભાઈ૦

મેઘ વરસશે મૂશળધારે, તે શું જોઇ જ રહેશો ?
તન રગડી જો ન ખેતર ખેડો, તો પછી પાક દે એ શો ? રે ભાઈ૦


ફરશે ને હરશે તે ચરશે, બાંધ્યો ભુખે મરે શો;
હરિ હરિ કરતાં આ હીન દશા ઠરી, એમાં શો અંદેશો ? રે ભાઈ૦

સુતેલા પણ સિંહતણે મુખ આવી શિકાર પડે શો ?
ફાળ ભરી તે ઠાર કરે તો જ ઠારી શકે ભુખ કલેશો. રે ભાઈ૦

આ નથી, તે નથી, એમ કદી પણ કાયર થઈ નવ કહેશો ;
સાધનથી પણ સાધ્ય છે મોટું: પાધરે યત્ન પ્રવેશો. રે ભાઈ૦

યત્ને ચઢી બડી રેલ હઠવશો, નહિ તો પડી સડી વ્હેશો;
વીર ! ઊઠો પ્રભુ સાહ્ય થશે, આ સાધવો દિવ્ય સંદેશો. રે ભાઈ૦

અરદેશર ફરામજી ખબરદાર



રસાયણવિદ્યાના ચમત્કાર

દુનીઆની અત્યારની પ્રગતિ સૌથી વધારે વિજ્ઞાનને આભારી છે. વિજ્ઞાનને લીધે જ અજાયબજેવી શોધો થઈ છે. તેણે જગતની સ્થિતિમાં, વેપારમાં, જ્ઞાનમાં અને જીવનમાં મહત્ત્વના ફેરફાર કરી નાખ્યા છે. એને અનુસરવું કે નહિ તે જુદો સવાલ છે, પણ એ વિષેની યોગ્ય માહિતી આપણે મેળવીએ તેમાં કંઇ ખોટું નથી.

રસાયણવિદ્યા એ વિજ્ઞાનની એક શાખા છે. અહીં આપણે તેના વિકાસ તથા તેનાથી થતા લાભ વિષે થોડું જાણીએ.

રસાયણશાસ્ત્રીઓએ દુનીઆમાં આજ સુધી કદી નહોતા એવા તો હજારો પદાર્થો ઉત્પન્ન કર્યા છે. પણ તે સિવાય કુદરતની વસ્તુઓ સાથે સરસાઇ કરીને પણ કેટલીક વસ્તુઓ બનાવી છે. એવી વસ્તુઓને આપણે નકલી કે બનાવટી કહીએ છીએ. પણ તે એટલી સંપૂર્ણ હોય છે કે તેના ગુણધર્મમાં અને મુળ કુદરતી વસ્તુના ગુણધર્મમાં ઘણીવાર જરા પણ તફાવત માલુમ પડતો નથી. આ બનાવટી ચીજો શામાંથી અને કેવી રીતે ઉત્પન્ન થઈ એ હવે જોઇએ.

ગયા સૈકાના પાછલા અરધા ભાગથી તે અત્યાર સુધીમાં જેટલી નવી શોધો થઇ છે તે બધાનું મુળ તપાસીએ તો કોલસો છે.

કોલસાને ભઠ્ઠીમાં તપાવવાથી જે વાયુ નીકળે છે તેને 'કોલગૅસ' કહે છે. વીજળી આવી તે પહેલાં દુનીઆનાં મોટાં શહેરોમાં આ કોલગૅસના દીવા બળતા. હજી પણ એની વપરાશ ઓછી નથી.

આ કોલગૅસ સિવાય કોલસામાંથી એક બીજો કાળા રંગનો પ્રવાહી પદાર્થ નીકળે છે. તેને 'કોલટાર' (ડામર) કહે છે. કોલટાર આંખને કે નાકને જરા પણ ન ગમે એવી વસ્તુ છે. છતાં એમાંથી અગણિત માણસોએ વર્ષો સુધી મહેનત કરીને જે જે અવનવી વસ્તુઓ ઉત્પન્ન કરી છે તેનું વર્ણન વાંચતાં હૈયું ઘડીભર થંભી જાય છે.

કુદરતી રંગોને કોરે બેસાડે એવા બનાવટી રંગો એ કોલટારમાંથી પેદા કરવામાં આવે છે. લડાઇના વિનાશક દારૂગોળાના પદાર્થો આમાંથી જ બને છે. રોગના જંતુઓનો નાશ કરનારી દવાઓ, ગાંધીની દુકાનના જેવાં ઓસડીઆં કે દાક્તરના દવાખાનાની દવાઓ પણ આમાંથી જ બનાવાય છે. ફોટોગ્રાફીના હુન્નરમાં કામ લાગતી દવાઓ કોલટારમાંથી બને છે. અને તમને નવાઇ લાગશે કે મગજને તર કરી નાખે એવાં અત્તરો પણ આ ગંધાતા કોલટારમાંથી જ બનાવવામાં આવે છે.

પહેલાં આપણે દવાઓને માટે જંગલની વનસ્પતિ ઉપર આધાર રાખવો પડતો. ક્વિનાઇન અને મોર્ફાઇન જેવી ચીજો જે પહેલાં ઝાડના રસમાંથી પેદા થતી તે હવે કોલટારને શુદ્ધ કરી તેનાં દ્રવ્યોમાંથી બનાવાય છે. ઇ. સ. ૧૮૩૨માં લીબીગ નામના જર્મન રસાયણશાસ્ત્રીએ આલ્કોહૉલ (દારૂ)ની ઉપર ધોવાના સોડાની અસર પાડીને 'ક્લૉરોફૉર્મ' શોધી કાઢ્યું. વાઢકાપ વખતે માણસને ઘાની અસર ન જાણવા દેવા સારૂ બેશુદ્ધ કરવા માટે ક્લૉરોફૉર્મ વપરાય છે. એની ઉપયોગિતા આ જમાનામાં કંઇ જેવીતેવી નથી. વળી ગડગુમડાં ઉપર વપરાતી 'આયોડોફૉર્મ' નામની દવા પણ એમાંથી જ બને છે. ઘા ઉપર રૂઝ આણવામાં આયોડોફૉર્મ જેવી અસરકારક બીજી કશી ચીજ નથી.

વાઢકાપમાં ક્લૉરોફૉર્મ જેવી બીજી ઉપયોગી વસ્તુ 'એડ્રેનૅલાઇન' છે. એ દવાનું એક જરા

જેટલું અણુ પણ જો લોહીની નસમાં દાખલ કરવામાં આવે તો ત્યાંની લોહીવાહિનીઓ એટલી તો સંકોચાઇ જાય છે કે એટલા ભાગમાં લોહીની આવજા તદ્દન બંધ પડે છે અને લોહીના એક પણ ટીપાનો ભોગ આપ્યા સિવાય શરીરના સડેલા ભાગો દૂર કરી નવા દાખલ કરી શકાય છે. પહેલવહેલી તે દવા ઇ. સ. ૧૯૦૧માં શોધવામાં આવી; પણ હવે તે કોલટારમાંથી બનાવવામાં આવે છે. પહેલાં તો વીસ હજાર બળદને મારીને તેના શરીરમાંના અમુક ભાગોના માંસપિંડો-માંથી એક હજાર રતલ માંસ ભેગું કરવામાં આવ્યું, અને એટલામાંથી એક રતલ એડ્રેનેલાઇન તૈયાર થઇ શક્યું. પણ અત્યારે તો એક પણ જીવની હાનિ કર્યા સિવાય એક સાધારણ કારખાનામાં તે બનાવી શકાય છે અને બજારમાં બહુ સસ્તે ભાવે વેચાય છે. આ પ્રતાપ વિજ્ઞાનનો.

મનુષ્યને સ્વભાવથી જ ઉત્સવો પ્રિય છે. માણસ-ના સુખને માટે કુદરતમાં હજારો સુગંધી વસ્તુઓ હતી અને છે. અને હજારો વર્ષથી સુંદર સુગંધી ફુલોમાંથી અત્તર બનાવવાનો કીમીઓ માણસ જાણે છે. પણ છેલ્લાં પચાસ વર્ષથી તો રસાયણશાસ્ત્રીની પ્રયોગશાળાઓ અને કારખાનાં પણ ભભકતાં અત્તરોની સુવાસથી મહેકવા લાગ્યાં છે. ગુલાબ, ખસ, પાંદડી અને હીનાના જેવી જ બનાવટનાં અત્તરો કોલટારમાંથી તૈયાર થાય છે.

દ્રાક્ષાસવ, ગુલાબ કે નારંગીનાં શરબતો પણ બનાવટી ઉત્પન્ન થવા લાગ્યાં છે. અલબત્ત, આ બનાવટો હજી ઘણીખરી બનાવટી જ છે, અને આ બાબતમાં કુદરત સાથેની હરીફાઇમાં માણસ હજી ફાવ્યો નથી.

પણ આ બધાયે કરતાં વધારે રસદાયક કથા તો કપુરની છે. જાપાન, ફૉર્મોસા અને પૂર્વ તરફનાં જાપાની સંસ્થાનોમાં હજી કુદરતમાંથી જ કપુર બના-વાય છે. એ ઝાડનાં પાંદડાંને પાણી સાથે ઉકાળીને તૈયાર કરવામાં આવે છે. દવા તરીકે અને જંતુ-વિનાશક સાધન તરીકે કપુરના ઉપયોગથી ભાગ્યે જ કોઈ અજાણ્યું હશે; પણ સેલ્યુલૉઇડ નામના રમકડાં બનાવવાના પદાર્થમાં અને દારૂગોળાનાં સાધનોમાં પણ એનો ઉપયોગ થાય છે.

કપુરની નીકાસમાંથી જાપાન ખુબ કમાયું. એ જાપાની સંસ્થાનોમાં જ મુખ્યત્વે પેદા થતું હોવાથી સૌ દેશોને કપુર માટે જાપાન ઉપર જ આધાર રાખવો પડતો. રસાયણશાસ્ત્રીઓની દૃષ્ટિ એના ઉપર આવીને ઠરી. ઘણી શોધખોળને અંતે ઇ. સ. ૧૯૦૩ માં 'નેફ્થેલિન'માંથી બનાવટી કપુર શોધી કાઢવામાં આવ્યું. 'નેફ્થેલિન' એટલે શું, સમજ્યા? આપણા બજારમાં વેચાતી પેલી ડામરની સફેદ ગોળીઓ. ને એનું જન્મસ્થાન પણ કોલટાર જ છે!

એ વરસમાં તો આ નકલી કપુરની બનાવટમાં સુધારાવધારા કરીને તેને એટલો તો સરસ અને સસ્તો બનાવ્યો કે યૂરોપના બજારમાં સાચા કપુરની હરીફાઇમાં તે ફતેહમંદ નીવડ્યો.

શેરડીમાંથી સાકર બનાવવાનો હિન્દુસ્તાનનો જુનો ઉદ્યોગ આજે પરદેશી સાકરોએ મારી હઠાવ્યો છે. 'બીટ' નામના કંદ અને બીજી ગાજર જેવી વસ્તુઓ-માંથી થોડે ખરચે અને થોડી મહેનતે સાકર બનાવવી શરૂ થઇ છે એ તો સૌ જાણે છે. પણ 'સેકરીન' નામની એક નવી ચીજ હમણાં શોધી કાઢવામા આવી છે. તે સાકરના જેવી જ પાસાદાર હોય છે, અને સાકર કરતાં તેનું ગળપણ ચારસોથી પાંચસો-ગણું વધારે હોય છે. મધુમૂત્રના દરદીઓને માટે જ્યારે સાકર વાપરવાની બંધી કરવામાં આવે છે ત્યારે દરદીને સેકરીન ખાવા દેવામાં આવે છે. આ સેકરીનને જન્મ આપનાર પણ પેલો કાળોમેશ કોલટાર જ!

હવે આપણે બનાવટી રેશમનો ઇતિહાસ તપાસીએ. ઇ. સ. ૧૮૮૯ માં પારીસના એક પ્રદર્શનમાં પહેલ-વહેલું બનાવટી રેશમ મુકવામાં આવ્યું, અને ખાતરી કરી આપવામાં આવી કે એ ચીજ રેશમના કીડા-ઓથી કે કોઇ જીવતા પ્રાણીની બનાવટથી નહિ પણ ઝાડના રેસાઓના છુંદામાંથી બનાવવામાં આવી હતી. આ બનાવવાની રીતમાં પાછળથી ઘણા સુધારા-વધારા કરીને છેવટ બે અંગ્રેજો આગળ આવ્યા. તેમણે બનાવેલા નમુના સૌથી સારા હતા. દુનીઆ

આજે છુટે હાથે તેનો ઉપયોગ કરી રહી છે. પ્રથમ લાકડાનો છુંદો કરીને તેનો મેંદો બનાવવામાં આવે છે. તેની સાથે કૉસ્ટિક સોડા અને ત્યાર પછી કાર્બન બાઈ સલ્ફાઇડ નામના પદાર્થોનું મિશ્રણ કરવામાં આવે છે. તેમાંથી નીકળતો જાડો ઘટ પ્રવાહી બારીક છિદ્રોવાળી એક ચાળણીમાંથી દબાવીને બહાર પાડવામાં આવે છે. આ ઝીણા તાંતણાઓ તે આપણું બનાવટી રેશમ. તેને વણીને રેશમી લુગડાં બનાવવામાં આવે છે. આનાં કપડાં મુળ રેશમ કરતાં ઓપમાં વધારે ઠસ્સાદાર હોય છે, જ્યારે તેની કીંમત ખરા રેશમ કરતાં અરધી જ પડે છે; અને જીવડાંની હિંસા થતી અટકે તે જુદું. છતાં મુળ રેશમ જેટલી કુમાશ આ બનાવટી રેશમમાં હજી આવી નથી શકી. ઇ. સ. ૧૯૧૮ ની સાલમાં આવું ૭૦૦ ટન બનાવટી રેશમ ઉત્પન્ન કરવામાં આવ્યું હતું. લાકડામાંથી રેશમ બનાવનારી રસાયણશાસ્ત્રની શક્તિને આ જાણીને ધન્યવાદ આપ્યા વગર ચાલતું નથી.

જે ઝાડના છુંદામાંથી આ રેશમ બનાવાય છે તેના જ છુંદાને, અથવા તો કપાસને નાઇટ્રિક ઍસિડ સાથે મેળવ્યા પછી તેમાં આલ્કોહૉલ (દારૂ) અને કપુરની મેળવણી કરીને 'સેલ્યુલૉઇડ' નામની એક વસ્તુ ઉત્પન્ન કરવામાં આવે છે. આ વસ્તુ નરમ હોય છે ત્યારે તેના જેવા આકાર કરવા હોય તેવા થઈ શકે છે. તે ઠરી જાય છે ત્યારે શીંગડા જેવી બની જાય છે. વળી તેને વિવિધ રંગોથી રંગી પણ શકાય છે; અને તેમાં જુદી જુદી જાતની મેળવણી કરીને હાડકાં, હાથીદાંત, આરસ, સંગેમરમર કે ગેંડાના ચામડા જેવાં સ્વરૂપ પણ તેને આપી શકાય છે. એ પદાર્થ વજનમાં બહુ હલકો, ચીકણો અને જલદી તુટી ન જાય તેવો હોવાથી તેમાંથી રોજના ઉપયોગની હજારો જાતની પરચુરણ વસ્તુઓ બને છેઃ દાંતીઆ, ચપ્પુના હાથા, રમકડાં, સીનેમાની ફિલમો વગેરે. આ ચીજમાં આટલા બધા ફાયદા છે, પરંતુ એક મોટું જોખમ પણ તેમાં રહેલું છે. તે જલદીથી સળગી ઉઠે એવો પદાર્થ છે. ઘણી વાર દુકાનમાં ગોઠવેલી સેલ્યુલૉઇડની ચીજો પર દુકાનની કાચની દીવાલમાંથી સૂર્યનાં કિરણો પડતાં તે સળગી ઉઠીને દુકાનને આગ લગાડી મુકે છે. આવા અકસ્માત સંખ્યાબંધ બન્યા છે. તેથી તેની બનાવટમાં હમણાં સુધારો કરવામાં આવ્યો છે. સેલ્યુલૉઇડમાં 'ડેક્સટીન' નામની સાકરનું મિશ્રણ કરીને 'સાઇક્રોડ' નામનો પદાર્થ શોધી કાઢવામાં આવ્યો છે. તેમાં સેલ્યુલૉઇડના જેવા બધા ગુણો હોવા ઉપરાંત વિશેષ ગુણ એ છે કે તે સળગી ઉઠતો નથી.

આ સિવાય ઝાડના છુંદામાંથી બનાવટી ચામડું પણ ઉત્પન્ન કરવામાં આવ્યું છે, અને તેનો ઉપયોગ પણ સેલ્યુલૉઇડ જેટલો જ બહોળો થાય છે.

ગળીના ઉદ્યોગમાં પણ રસાયણશાસ્ત્રની અસર પહોંચ્યા વિના રહી નથી. ગળીની ઉત્પત્તિ મુળ હિન્દુસ્તાનમાં જ થયેલી. હજી પણ હિન્દુસ્તાનમાં ગળીનું વાવેતર થાય છે. પણ હવે તો કોલટારમાંથી બનાવટી ગળી પેદા કરવાની તદબીર રસાયણશાસ્ત્રે શોધી આપી છે; અને તેથી જેમ જાપાનના કુદરતી કપુર ઉપર કોલટારના બનાવટી કપુરે વિજય મેળવ્યો તેમ જ કુદરતી ગળી ઉપર બનાવટી ગળીએ પણ દુનીઆના બજારમાં વિજય મેળવ્યો છે.

વિજ્ઞાનની વિચિત્ર અને અજબ શક્તિની આ થોડી વાનગીઓ છે. આપણે માત્ર એશઆરામ અને પૈસા પેદા કરવાના જડ સાધન તરીકે નહિ, પણ માનસિક કેળવણીના ચેતનભર્યા શાસ્ત્ર તરીકે, કુદરતની નજીક આવવાના સાધન તરીકે અને એ રીતે સર્વશક્તિમાન પરમ કૃપાળુ પરમેશ્વરને ઓળખવાના પ્રયાસ રૂપે પણ વિજ્ઞાનનો અભ્યાસ કરવો જોઇએ.

લાભશંકર અંબાશંકર ભટ્ટ



Photo: Johnston & Hoffmann

આબુ પર્વત પર આવેલાં દેલવાડાનાં સુંદર જૈન મંદિરોમાંનો એક ભાગ

ગુજરાતના સ્થાપત્ય અને શિલ્પકળાના નમુના રૂપ આ મંદિરો ગુજરાતના મૂર્તિમાન ગૌરવ જેવાં છે. એ મંદિરો ઇ. સ. ૧૦૩૧ થી ૧૨૩૦ સુધીમાં ગુજરાતના વિખ્યાત અને બાહોશ મંત્રી વિમળશાહ, વસ્તુપાળ અને તેજપાળે બંધાવ્યાં હતાં. એ સફેદ આરસનાં બાંધેલાં છે અને તેની બાંધણી તથા અંદરની કારીગીરી ભલભલાને છક કરી દે તેટલી અદ્ભુત સુંદર છે.

ગયે મહિને



ગયા ડિસેમ્બરમાં
આન્ધ્રદેશના કોકનાડા નગરમાં ભરાયેલી
૩૮ મી હિન્દી મહાસભાના પ્રમુખ
મૌલાના મહમદઅલી





મૌ૦ મહમદઅલી અને તેમના મોટાભાઇ **મૌ૦ શૌકતઅલી** જે મહાત્મા ગાંધીજીના જમણા હાથ તથા હિંદુમુસલમાન એકસંપીના પ્રાણ રૂપ છે. મૌ૦ શૌકતઅલી કોકનાડામાં ભરાયેલી ખિલાફત પરિષદના પ્રમુખ હતા.

મુંબઈ ઈલાકાના નવા ગવર્નર
સર લેસ્લી વિલ્સન
જે ગયા ડિસેમ્બરની ૧૦મી તારીખે મુંબઈ ઉતર્યાં.

અનંત અને ઉપેન્દ્ર

કુમારના પહેલા તંત્રીઓ

ભાવનગરમાં એક વૃદ્ધ પુરુષ છે. તેમને સૌ 'મોટાભાઇ' કહીને ઓળખે છે. આપણે પણ તેમને મોટાભાઇ જ કહીશું. જે જે માણસો મોટાભાઇની સોબતમાં રહ્યા છે તે બધાને એ ઘણા સુંદર સ્વભાવના સજ્જન લાગ્યા છે. અનંત અને ઉપેન્દ્રના તે દાદા થાય. અનંત તેમના પુત્રનો પુત્ર, અને ઉપેન્દ્ર તેમની પુત્રીનો પુત્ર.

અનંત અને ઉપેન્દ્ર નાના બાળક હતા ત્યારથી મોટાભાઇને બહુ વહાલા લાગતા. મોટાભાઈ પૂજા કરે ત્યારે અનંત અને ઉપેન્દ્ર તેમનું આસન તૈયાર કરી દે. મોટાભાઇ જમવા બેસે ત્યારે ધૂપ કરી સુગંધી ફેલાવે. મોટાભાઇ બપોરે કે રાત્રે આરામ લેતા હોય ત્યારે એ બન્ને બાળકો મોટાભાઇ સાથે કંઇ કંઇ વાતો કરીને વિનોદ કરાવે. મોટાભાઇને જે કંઈ સારૂં લાગે તે બધું જ તેઓ કરતા.



મોટાભાઇ પાસે ઘણી જાતના માણસો આવતા. તેમાં કોઇ વિદ્વાન હોય, કોઇ ગવૈયા હોય, કોઈ કવિ હોય, કોઇ ચિત્રકાર હોય. મોટાભાઇ એ બધા સાથે બહુ પ્રેમથી વર્તતા, અને તેમની વાતો તથા કળામાં બહુ રસ લેતા. અનંત અને ઉપેન્દ્ર એવે વખતે મોટાભાઇની પાસે હોય જ. એ બધા માણસોની વાતો અને કળામાંથી આ બે જણા જ્ઞાન અને અનુભવ ઝીલતા. ચિત્રકાર તો તેમનો માનીતો દોસ્ત હતો. તે આવે ત્યારે તેના ગજવામાંથી તેની ચિત્રપોથી ખેંચી લઇ આ બટુકો અને તેમનાં બીજાં નાનાં ભાઈબ્હેન જોવા મંડી પડતાં. ચિત્રકાર તેમને ખુશ કરવા તેમના ચહેરા ચીતરતો.

અનંત અને ઉપેન્દ્રને કોઇ કદી વઢતું નહિ. અને તેઓ પણ એવા શાણા અને સુશીલ કે કદી કાંઇ વાંકમાં આવે જ નહિ. અનંતના બાપા અમેરિકા જઇ આવ્યા છે. ઉપેન્દ્રના બાપા હિમાલયની તળેટીમાં એક ગામમાં દાક્તર છે. પણ બન્ને જણાને તેમના દાદા પાસે જ રહેવાનું બહુ ગમે છે.

મોટાભાઇ અને તેમના કેટલાક વિદ્વાન મિત્રોએ મળી એક સુંદર નિશાળ કરી છે. ત્યાં કોઇ મારે નહિ; કોઈ પરીક્ષા લે નહિ. એક વિદ્વાન દેશભક્ત તે નિશાળના મુખ્ય આચાર્ય છે. બીજા પણ સુંદર લાગણી-વાળા શિક્ષકો તેમાં છે. તે નિશાળમાં અનંત અને ઉપેન્દ્ર ભણે છે. તેમણે સરકારી કે દરબારી નિશાળ જોઈ પણ નથી. તેમની નિશાળ ઉંચી ટેકરીઓ ઉપર છે. ત્યાંથી દૂર દરીઓ દેખાય છે. એક બાજુ મોટી ટેકરી પર આરસનું સુંદર મંદિર છે. અનંત અને ઉપેન્દ્ર-નું ઘર તે ટેકરીની તળેટીમાં છે.

તેમની નિશાળ એવી છે કે ઘેર લેસન કરવાનું તો હોય જ નહિ. છતાં અનંત અને ઉપેન્દ્ર વાંચવાના ઓછા શોખીન નથી. તેમણે રામાયણ મહાભારતથી માંડીને

અત્યારનાં ઘણાં સુંદર પુસ્તકો વાંચી નાખ્યાં છે. ચિત્રો અને ચિત્રકારોની તેઓ બહુ કદર કરી શકે છે. અનંત તો સારું ચીતરે પણ છે. ઉપેન્દ્ર કોઈ જબરો પંડિત થશે એમ લાગે છે.

આ બન્ને જણાએ એક દિવસ 'કુમાર' હાથે લખીને કાઢવું શરૂ કર્યું. તેમના નાના ભાઇઓ અને મિત્રોએ પણ તેમાં લખ્યું ને ચીતરામણ ભર્યાં. પછી તો થોડા અંક નીકળ્યા એટલામાં દીવાળી આવી, એટલે દીવાળીનો એક ભારે અંક કાઢવવાનો વિચાર તેઓએ કર્યો. તેમના મોટી ઉમરના મિત્રોને પણ તેમણે તેમાં લેખો લખવા અને ચિત્રો મોકલવા કહ્યું. દીવાળીનો અંક તો જોવાલાયક બની ગયો. અનંત અને ઉપેન્દ્રની ઉમર અત્યારે ૧૪ ને ૧૪॥ વર્ષની છે; તેના પ્રમાણમાં તેમણે સાહિત્ય અને કળાનો એવો સરસ સંગ્રહ કર્યો કે તે જોઇને સૌ આનંદ અને નવાઈ પામે.

એ અંક જોયા પછી એક જણાને વિચાર થયો કે તેમની ઉમરનાં બધાં છોકરાંઓ માટે એક છાપેલું માસિક હોય તો સારૂં. અને તે વિચાર પરથી એ જ નામનું આ માસિક બન્યું છે.

અનંત અને ઉપેન્દ્ર તેમનું વહાલું માસિક બધાંનું બનેલું જોઈ બહુ જ આનંદ પામશે. તેઓ મોટી ઉમરે પહોંચશે ત્યારે તેમનાં શક્તિ અને જ્ઞાન હાલના કરતાં ઘણાં વધી ગયાં હશે. ત્યાં સુધી આ માસિક ચાલુ રહે અને તેઓ તેની જવાબદારી ઉપાડી લઈ અમને વિશ્રાન્તિ આપે એવું ઇચ્છીએ છીએ.

ચંદ્રમાં કોણ રહે છે?

અંગ્રેજ છોકરાંઓ કહે છે કે ચંદ્રની ઉપર કાંતનારી ડોશી રહે છે. હિન્દુ છોકરાંઓ કહે છે કે એમાં હરણ રહે છે.

એમાંથી ખરૂં શું હશે તેનો એક ચીની છોકરો વિચાર કરવા લાગ્યો. સાંજે ફરવા જતાં તેને રસ્તામાં એક અંગ્રેજ છોકરો મળ્યો. ચીનાએ એને પુછ્યુંઃ 'ભાઇ તેં કેમ જાણ્યું કે ચંદ્રમાં કાંતનારી ડોશી રહે છે?'

અંગ્રેજ છોકરો બોલ્યો, 'અરે, એમાં તે શું પુછે છે? એ તો જાણીતી વાત છે. તને એટલી યે ખબર ન હોય તો તો તું તદ્દન મૂર્ખ છે! જો, સાંભળ. જ્યારે અમે રેંટીઆ કાઢી નાખ્યા અને મીલના સંચા વસાવ્યા ત્યારે એક ડોશી, કેની, બીકની મારી ચંદ્ર ઉપર કુદી પડી. બધાં છોકરાં એ વાત જાણે છે.'

ચીનાએ વિનયપૂર્વક કહ્યું, 'ઠીક, તારા ઉત્તર માટે ઉપકાર માનું છું.'

પછી ચીનાને એક હિન્દુ છોકરો મળ્યો. તેને પણ ચીનાભાઇએ પુછ્યુંઃ 'ચંદ્રની પર હરણ છે એમ તું શાથી કહે છે?'

હિન્દુ છોકરાએ થોડીવાર વિચાર કરી કહ્યું, 'મને લાગે છે કે અમારા ઋષિમુનિઓએ હરણનું ચામડું પવિત્ર ગણ્યું ત્યારે હરણનો શિકાર ખુબ થવા લાગ્યો હશે. તેથી ત્રાસીને કોઇ બાપડું હરણ ત્યાં ભરાઇ બેઠું હશે.'

ચીની છોકરાએ પાછું વિનયપૂર્વક કહ્યું, 'ઠીક ભાઇ, તારા જવાબ માટે આભારી છું.'

ચીની છોકરાઓને ડાહી ડાહી શીખામણની વાતોનો સાર કાઢતાં બહુ આવડે છે. એણે ધાર્યું કે અંગ્રેજ અને હિન્દુ બન્નેને પોતાના ગુણદોષનું પરિણામ જ ચંદ્ર ઉપર પણ દેખાય છે.

('મધપૂડા'માંથી) 'બાલબન્ધુ'



માધુકરી

અસહકારનું બીજ

એ મથાળા વાળા દીનબંધુ ઍન્ડ્રુઝના લેખમાંનો એક પ્રસંગ નીચે આપ્યો છે.

મહાત્માજી એક વાર મને નાતાલમાં પોતાના પ્રથમ વીતકની વાત કરતા હતા. એ બનાવે તેમના આખા જીવનમાં પરિવર્તન કરી દીધું હતું. તેઓ એક કોચમાં બેસી ડરબનથી કોઈ ગામ જઇ રહ્યા હતા. તે વખતે તેઓ ઈંગ્લન્ડ અને મુંબઇથી તાજા આવેલા નૌજવાન બૅરિસ્ટર હતા. રંગની સુગ કેવી હોય છે તેનો કડવો અનુભવ પણ હજુ તેમને થયો ન હતો. લંડનમાં તેમની જોડે સૌ સમાનભાવે વર્તન રાખતાં; અને કાયદાની પરીક્ષા વેળા તેમણે અંગ્રેજ સહાધ્યાયીઓ જોડે સૌના સમાન એક વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપી હતી. તેથી ડરબનમાં તેઓ ઉતર્યા ત્યારે તેમણે સ્વાભાવિક રીતે એવી જ અપેક્ષા રાખી કે અહીં પણ તેમની સાથે સૌ સમાનતાથી જ વર્તશે. કોઇ કામસર તેમને અંદરના પ્રદેશોમાં કોચમાં બેસીને જવાની જરૂર પડી અને તેમણે તેની ટીકીટ ખરીદી. કોચ હાંકનારની નજીકની જગ્યા પર તેઓ બેઠા. ત્યાંની જ ટીકીટ તેમણે લીધેલી. કોચ ઉપડવાને થોડી વાર પહેલાં એક ગોરાએ આવીને તેમને રૂઆબભેર મોટો ઘાંટો કાઢી ત્યાંથી ઉઠી જવાને કહ્યું. ગાંધીજીએ સભ્યતાથી જવાબ આપ્યો, 'હું દિલગીર છું કે તમને આ જગ્યા નથી આપી શકતો. મેં આ જગ્યાનાં દામ આપીને ખાસ લઇ રાખી છે.' પણ પેલા માણસે કહ્યું કે તમારે ઉતરવું જ પડશે. ગાંધીજીએ જવાબ આપ્યો કે ગાડીમાં બીજી પુષ્કળ જગ્યા છે. પણ મારી જગ્યા હું નહિ છોડી શકું.

પછી જોયા જેવી જામી. ગોરાએ ઘાતકીપણાની અને જંગલીપણાની પરાકાષ્ટા કરી. છેવટે ગાડી હાંકનારનાથી પણ વચ્ચે પડ્યા વિના રહેવાયું નહિ. પેલા ગોરાએ ગાંધીજીને પોતાની લાકડીથી એટલા માર્યા કે તેઓ લગભગ બેભાન થઇ ગયા. તેમણે ગાડીને સજ્જડ ઝાલી રાખેલી. પેલા ગોરાએ તેમનાં આંગળા તુટી જાય એવા તેના પર પ્રહાર કર્યા. મહાત્માજી મને કહેતા હતા કે મને તે વખતે અનુભવ થયો કે એ એક જીવસટોસટની લડત હતી. તેઓ બિલકુલ સામે થયા નહિ—તેમણે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ. મરી જાઉં પણ છોડું નહિ એમ કરીને ગાડીના કઠેરાને તે વળગી રહ્યા. પેલો ગોરો મોટા દૈત્ય જેવો જોરાવર હતો. ગાંધીજી તેના મુકાબલામાં સાવ નાનકડા હતા.

આ ઘટનાનો અન્ત કેવો થયો? આત્માનો શરીર પર વિજય થયો. આત્મબળ આગળ પશુબળની હાર થઇ. હું આગળ કહી ગયો કે આખરે હાંકનાર વચ્ચે પડ્યો. પણ એટલેથી અટક્યું નહિ. ગાડીમાં જે બીજા ગોરાઓ બેઠા હતા તેઓ પણ વચ્ચે પડ્યા. તેમનાથી આ રાક્ષસી કૃત્ય સહ્યું ગયું નહિ. તેમણે પણ ગાંધીજીનો પક્ષ લીધો. પેલો મારનાર આખરે અટક્યો અને બડબડાટ કરતો બીજી જગ્યાએ જઇને બેઠો. મને જો બરોબર યાદ હોય તો મહાત્માજીએ એમ પણ કહેલું કે મુસાફરી પુરી થતાં સુધીમાં એ માણસ આખો બદલાઇ જ ગયો, અને ગાડી છોડીને પોતાને રસ્તે પડ્યો ત્યારે તે ગાંધીજી સાથે હાથ મીલાવતો ગયો.

એક દિવસ મહાત્મા ગાંધી હસતા હસતા મારી

પાસે આ કિસ્સો વર્ણવી રહ્યા હતા. તેઓ હસતા હતા, પણ હું મારો તિરસ્કાર મનમાં સમાવી શકતો ન હતો. પછી વાતને અન્તે તેમણે કહ્યું, ' આ પહેલાં મારો દક્ષિણ આફ્રિકામાં રહેવાનો જરા પણ વિચાર ન હતો. હું તો તે વખતે નૌજવાન બૅરિસ્ટર હતો અને એક કેસ ચલાવવા સારૂ આફ્રિકા ગયેલો. કેસ પુરો થયા પછી દેશ પાછો આવતા રહેવાનો મારો વિચાર હતો, પણ આ બનાવ પછી મને એમ થઈ આવ્યું કે આ ભયનું સ્થાન છોડીને જવું એ તો કાયરતા કહેવાય. તેથી મેં તે જ ઘડીએ દક્ષિણ આફ્રિકામાં જ રહેવાનો અને ત્યાં જ કામ કરવાનો નિશ્ચય કરી નાખ્યો.'

તે વેળાએ જે ગંભીર નિશ્ચય તેમણે કર્યો તેને જ પ્રતાપે એ નૌજવાન બૅરિસ્ટર હિન્દુસ્તાનમાં આવતાં વેંત હિન્દીઓની ગુલામીનું મુળ શોધી તેનો ઇલાજ યોજી શક્યા. આમ ત્રીસ વર્ષ પહેલાં ડરબનના એક કોચપર અસહકારનો આખો કાર્યક્રમ તેનાં બધાં મુખ્ય અંગો સહિત ઘડાયો. શરીરબળથી નહિ પણ આત્માના બળથી—નૈતિક બળથી દુશ્મનની સામે થવાનો ઇલાજ અને અહિંસા એ બન્ને સિદ્ધાન્તોનું બી આફ્રિકામાં વવાયું હતું. અને ગાંધીજીનો દઢ વિશ્વાસ જ છે કે આફ્રિકાની પેઠે અહીં હિન્દુસ્તાનમાં પણ અન્તે પ્રેમનો જ વિજય થવાનો. —'નવજીવન'

વિજયનો માર્ગ

ફુલ અહોરાત્ર પુછે છે, ' ઓ મધુર ફળ! તું કયાં છે? મારાથી કેટલે દૂર છે?

ફુલના ગર્ભમાંથી અવાજ સંભળાય છે, ' ઓ ફુલ! હું અહીં જ, તારા જ હૃદયમાં બેઠું છું.'

' તું ક્યારે બહાર નીકળશે?'

'જ્યારે તારી ઝંખનાના તાપમાં સળગીને તારી પાંખડીએ પાંખડી નીચે ખરી પડશે, તારા મુખની મનોહરતા ચાલી જશે, તારા સ્મિતની ઉજ્જવળતા ઝાંખી પડશે ત્યારે તારૂં અંતર ભેદીને હું બહાર આવીશ. મારો જન્મ એ જ તારૂં મૃત્યુ થશે.'

❧

વંટોળીઆની સહેલગાહમાં આમતેમ ઉડતું—ઝોલાં ખાતું બીજ ઝંખી ઉઠે છે,'ઓ વૃક્ષ! તું ક્યાં છે? મારાથી કેટલે દૂર છે?'

બીજના હૃદયમાંથી અવાજ આવે છે કે 'હું અહીં જ છું; તારા હૈયામાં જાગૃત છું.'

'તું ક્યારે બહાર આવીશ?'

'વાવાઝોડાના હીંચકા પરની રમતગમતો વિસારીને તું જ્યારે ધુળમાં દટાઇશ, હૃદયની ચંચળતા છોડીને જ્યારે તું સ્થિર બની બેસીશ, ત્યારે, ઓ બીજ, તારૂં નાનું સુંવાળું હૃદય ચીરીને હું બહાર નીકળીશ. તારા શબ ઉપર હું નૃત્ય કરીશ. મારા બોજા નીચે હું તને કચરી નાખીશ. મારો જન્મ એ જ તારૂં મૃત્યુ થશે.'

❧

દેશેદેશની પ્રજાએ અને પ્રજાયેપ્રજાના દરેક માનવીએ એક જ સવાલ પુછ્યો છે કે 'ઓ વિજય! તું ક્યાં છે? કેટલે દૂર છે?'

અને એનો ઉત્તર એના હૃદયમાંથી જ મળ્યો છે કે 'હું અહીં જ છું. તારૂં હૃદય ચીરીને એક દિવસ બહાર નીકળીશ. તું સહી નહિ શકે એવી વસમી વેદના તારા શરીરને રૂંવે રૂંવે સળગી ઉઠશે; તારી આંખો બધે અંધારાં જ દેખશે; તારા કાન બીજું કંઈ જ નહિ સાંભળી શકે; તે વખતે હું આવી પહોંચીશ—તારાં કરોડો સંતાનોની છાતી પર પગ મુકીને હું આવી પહોંચીશ. એટલી તૈયારી કરી રાખજે.'

સૌરાષ્ટ્ર તા. ૨૫-૮-૨૩

બાવીસ માઈલ તરવાની હરીફાઈ

ગયા ઑકટોબરની છઠ્ઠી તારીખે ' કલકત્તાની ઇન્ડીઅન લાઇફ સેવિંગ સોસાયટી' તરફથી તરવાની એક હરીફાઇ ગોઠવવામાં આવી હતી. ચંદ્રનગરથી આહીરી તોલા સુધીનો બાવીસ માઇલનો ગાળો તરી પાર ઉતરવાનો હતો. આ હરીફાઈમાં બધા મળીને વીસ પ્રતિસ્પર્ધીઓ ઉતર્યા હતાઃ જેમાં એક કાશીનો, ત્રણ મદ્રાસ તરફના અને બાકીના સોળ કલકત્તાના હતા. તેમાં મિ. પી. ટી. ઇ. ફ્રેડરિક સ્ટ્રેથ નામનો કેમરૂન હાઇલૅન્ડર પલટનનો એક ગોરો પણ હતો.

શરતમાં ઉતરનારાઓમાંનો સૌથી નાનામાં નાનો ૧૬ વર્ષનો અને મોટામાં મોટો ૩૩ વર્ષનો હતો.

બધા તરનારા ચંદ્રનગરથી ૧-૧૦ કલાકે ઉપડયા. તેમાં 'ઇન્ડીઅન લાઇફ સેવિંગ સોસાયટી'નો અશુતોષ દત્ત નામનો સભ્ય સૌથી પહેલો આવ્યો. તેણે ચાર કલાક ને ૫૮ મિનિટમાં એ ૨૨ માઇલનો ગાળો કાપ્યો. અશુતોષની ઉમર ૧૭ વર્ષની છે. આ સુદ્ધાં બીજી વાર તે ચૅમ્પીઅનશિપ જીત્યો.

કલકત્તા સેન્ટ્રલ સ્વિમિંગ કલબના વીરેન્દ્રનાથ પાલ બીજે નંબરે આવ્યા. તે દત્ત કરતાં છ મિનિટ મોડા પહોંચ્યા. ત્રીજે નંબરે બનારસના કે. સી. ચક્રવર્તિ અને કલકત્તા કૉલેજ સ્કવેરના એમ. એલ. દત્ત આવ્યા. તે નવ મિનિટ મોડા પહોંચ્યા.

આટ્લાંટિક મહાસાગરમાં ૧૦૨ દિવસ

મૅાસ્યો ઍલેઇન ગરબૉલ્ટ નામનો એક ફ્રેન્ચ યુવાન એકલપંડે ૧૦૨ દિવસની મુસાફરીમાં આટલાંટિક મહાસાગર પાર કરી હમણાં જ ન્યૂયૉર્ક પહોંચ્યો છે. જુનની છઠ્ઠી તારીખે તે 'ફાયરક્રેસ્ટ' નામની ૩૩ ફુટ લાંબી એક નાની હોડીમાં જિબ્રાલ્ટરથી એકલો નીકળેલો. જિબ્રાલ્ટરથી ન્યૂયૉર્ક ૩,૨૦૯ માઇલ થાય. દરીઆઇ મુસાફરીનો શોખ અને નવા નવા મુલકો જોવાની જિજ્ઞાસાને ખાતર જ તેણે આ સફર ખેડેલી.

તે કહે છે કે રસ્તામાં તેને ત્રણ મોટાં તોફાન નડયાં હતાં, અને તેને લીધે તેની નાની હોડીને તથા તેના સામાનને ઘણું નુકસાન પહોંચ્યું હતું. તેણે પીવાનું પાણી સાથે લીધેલું તેના બે તૃતીઆંશ ભાગ જેટલું તોફાનને લીધે નકામું થઇ પડેલું, અને થોડા વખત સુધી તો તેને રોજના માત્ર એક પ્યાલા પાણી પર ચલાવવું પડેલું.

એક તોફાન વીત્યા પછી વરસાદ શરૂ થયો. તેને લીધે તેનાં બધાં કપડાં ભીંજાઇ ગયાં અને થોડા દહાડા સુધી તો તેને તદ્દન નગ્નાવસ્થામાં રહેવું પડયું. આને લીધે તાવ અને સળેખમ લાગુ પડયાં. ગળું બધું સુઝી ગયું. પરિણામે ૪૮ કલાક સુધી તે તદ્દન બેભાનાવસ્થામાં પડી રહ્યો. તે કહે છે કે 'આ દરમ્યાન પ્રભુએ જ મારી અને મારી હોડીની રક્ષા કરી.' ઘણીવાર તો તેને ત્રણ ત્રણ ચાર ચાર દિવસ સુધી આંખની મીટ સરખી માંડયા વિના જાગતા જ બેસી રહેવું પડતું.

મુસાફરી દરમ્યાન ૬૦ રતલ માંસ, ઠારેલા દુધના ૩૬ ડબા, ૬૦ રતલ સાકર, ૧૦ રતલ ચ્હા, ૭૫ રતલ બિસ્કિટ અને જથ્થાબંધ બટેટાં—એટલો ખોરાક તેણે લીધેલો. ૬૫ ગેલન પીવાનું પાણી સાથે લઇને તે નીકળેલો તેમાંથી લગભગ ૪૦ ગેલન જેટલું તો તોફાનને લીધે નકામું થઈ પડેલું.

મૅાસ્યો ઍલેઇનની ઉમર ૨૮ વર્ષની છે. તે ટેનિસનો અચ્છો ખેલાડી છે. હવાઇ વિમાનમાં ઉડનાર તરીકે બહુ બાહોશ ગણાય છે. ગઈ લડાઈમાં તેણે સાત જર્મન વિમાનોને ભોંયભેગાં કરેલાં.

—'ક્રૉનિકલ' તા. ૯-૧૦-૨૩

ઉગતી પ્રજાને

ઉમરેઠ વિદ્યાર્થી મંડળની બીજી બેઠકના પ્રમુખસ્થાનેથી રા. મટુભાઈ કાંટાવાળાએ આપેલા ભાષણમાંનો નીચેનો સુંદર પ્રોત્સાહક ભાગ ઉગતી પ્રજાને અગત્યનો હોવાથી અહીં આપ્યો છે.

યાદ રાખવું કે મોટાં કાર્ય હમેશ અને સૌકોઇથી બજાવી શકાય નહિ. તેવે વખતે નાસીપાસ થવાની જરૂર નથી. એ ખરૂં છે કે પરોપકાર અને પરગજુપણું મનુષ્યમાત્રનું કર્તવ્ય છે; પરંતુ કેટલીક બાબતો દેખીતી રીતે પરોપકાર જેવી ન જણાય, છતાં એમાં બીજાનું ભલું કરવાની શક્તિ રહેલી છે. ......આપણી અપૂર્ણતાથી આપણે નિરાશ થવાની જરૂર નથી. પરોપકારનાં ઓછાં ખેડેલાં ખેતરો અણદીઠાં રહેલાં છે. સામાન્યમાં સામાન્ય માણસ પણ પરોપકારની ખેતીમાં મંડેલો રહે છે. ....પરોપકારનાં બી ઇશ્વિરે સર્વત્ર વેરેલાં છે: આપણે આપણી મહેનતથી તેનાં અંકુર ફુટે એમ કરવું જોઇએ જીવનમાં આપણે માટે વૈતરૂં સરજાએલું હોય,—મોટા કુટુંબનું ભરણપોષણ કરવામાં આપણો વખત જતો હોય, ને બીજું કંઇ કાર્ય આપણાથી થતું ન હોય, તોપણ એવી સ્થિતિમાં આપણે પરોપકાર કરીએ છીએ. દૂર રહે રહે પણ જો આપણે આપણાં કર્તવ્યોનું પાલન કરીએ તો તેથી દેશસેવા જરૂર થાય. સારામાં સારો પાક ઉતારનાર ખેડુત, સત્યથી લડનાર વકીલ, ગરીબોને મદદરૂપ થનાર દાક્તર, એઓ શું દુનીઆની

ઓછી સેવા બજાવે છે? ખેડુતો અને મજુરો ન હોત તો દુનીઆની શી સ્થિતિ થાત? ખેડુતો અને મજુરોમાં કેટલા બધા છાના પરદુ:ખભંજન લોકસેવકો જનમ્યા હશે અને મર્યા હશે? ભંગી જેવી સેવાપરાયણ જાત ન હોત તો હિન્દુ ધર્મનું શું થયું હોત?

......લોકસેવાના દેખીતા માર્ગો ઉપર આપણાથી પ્રયાણ ન થાય તો તેથી નિરાશ થવાનું કારણ નથી. દરેક વિદ્યાર્થી જીવનમાં પડયા પછી પણ જો પોતાના કર્તવ્યનું બરોબર પાલન કરે તો તે મોટામાં મોટી લોકસેવા બજાવશે. આ વાત અત્યારે કહેવાનું કારણ એ છે કે જુવાનીમાં આપણે હમેશાં આશા રાખીએ છીએ કે આપણે દાદાભાઇ કે ગોખલે, દયાનંદ સરસ્વતી કે ગાંધીજીને પગલે ચાલી દેશસેવાનો મહાયજ્ઞ કરીશું. પરંતુ કડવા જીવનમાં પડયા પછી ઘણી વખત કશું થતું નથી, તેથી નિરાશા છવાઇ જાય છે, અને જીવનમાંનો રસ સુકાઇ જાય છે. આથી ગંભીર પરિણામ આવે છે. પરંતુ હમેશાં યાદ રાખવું કે દરેક માણસ ઇશ્વરે સોંપેલા કાર્યમાં મચ્યો રહે તો તે દુનીઆને ઉપકારક સેવા બજાવે છે. દાદાભાઇ કે ગાંધીજીના જેવા થવાની ઇચ્છા બહુ સારી છે; એ એક પ્રકારનું પ્રેરક બળ છે. તેથી આપણું જીવન સારા આદર્શો તરફ વળે છે. ......પરંતુ એ ઇચ્છા એના એ સ્વરૂપમાં ફળીભૂત ન થાય તો તેથી જીવનને ખારૂં ન થવા દેવું. નિરાશાથી કર્તવ્ય ચુકાય છે; કર્તવ્ય ચુકવાથી જીવન નિષ્ફળ જાય છે. માટે જીવનમાં પડયા પછી એક જ વાત ધ્યાનમાં રાખવી કે કામ એ જ પૂજા છે: એજ દેશસેવાનો, સ્વાર્થત્યાગનો અને પરોપકારનો મહાન મંત્ર છે: મહાન યજ્ઞ છે.

સારા વિચાર એ ઉચ્ચ જીવનની શરૂઆત છે. સારા વિચાર કરવા ને ફેલાવવા એ કામ દરેકથી થઇ શકે. ગમે તેટલું વિકટ જીવન આપણે ગાળતા હોઇએ-ગમે તેટલી ઓછી ફુરસદ આપણને મળતી હોય-વાંચવાનો વખત પણ ન મળતો હોય, છતાં પણ વિચારને માટે થોડી પળો મળ્યા વિના ન રહે. તેવી પળો આ કામમાં વાપરવી જોઇએ. બોરસલ્લીનું ફુલ સુકાતું જાય તેમ તેમ તેની મીઠી સુવાસ વધતી જાય છે. કેવડો દૂર પડી ચગદાતો હોય તો તેનો પમરાટ વધારે ફેલાય છે; તેવી રીતે જેમ મનુષ્ય ઉપર કામનું ભારણ વધારે તેમ તેનું વ્યક્તિત્વ વધારે પ્રકાશે છે ને વિકસે છે. રા. બ. રમણભાઇનાં પુસ્તકો કેવી રીતે ને કયાં લખાય છે? કોર્ટમાં કેસ ચાલતો હોય, સામા પક્ષનો વકીલ સાક્ષીઓને તપાસતો હોય, તેની વચ્ચે અગર બીજી કોઇ ફુરસદ ધંધાની અંદર મળે તેનો ઉપયોગ કરી રમણભાઇ લખવાની તક મેળવે છે. ગુજરાતના એ મહાન કવિઓનો વિચાર કરો. નોકરીના અગવડો વેઠી નાનાલાલે કવિતા રચી; અને ધંધાની જંજાળ વચ્ચે ખબરદારનું કવિત્વ ઝળકી ઉઠયું. હરગોવિંદદાસે નોકરીને અંગે ભટકતાં ભટકતાં પોતાની ઘણી ચોપડીઓ લખી છે. રાતે કે મધરાતે એમણે ઘણું લખ્યું છે. ગાંધીજી દોડતી ટ્રેનમાં મધરાતે 'નવજીવન' અને 'યંગ ઇંડીઆ' માટે લખાણો લખતા હતા. આપણા ભાઇ કેશવલાલ શેઠની કવિતા પણ 'જીવનકલહ' વચ્ચે લખાઇ છે. છેવટે, હું મારા અનુભવ ઉપરથી કહું છું કે ધંધાની વચ્ચે આમતેમથી મિનિટો મેળવી જે લેખ માંડમાંડ પુરો કર્યો હોય છે, તેના કરતાં લાંબી રજાઓ અને ફુરસદનો લાભ લઇ એકસામટો લખેલો લેખ મને હમેશાં ઉતરતો લાગ્યો છે. સુખડ ઘસાય તો જ મહેકાટ પસરાવે; તેમ ઇશ્વરની એવી મરજી જણાય છે કે કષ્ટસાધ્ય હોય તે જ કળા, તે જ સાહિત્ય, તે જ નીતિ.

પરીક્ષાઓ અને પાઠ્ય પુસ્તકો કરતાં જીવન અને ચારિત્ર વધારે મોંઘા મુલનાં છે. મહાન પુરુષોના સુવિચારોની સમીપમાં આપણે થોડી ક્ષણો માટે પણ જગતની અસમાનતા અને કટુતા વિસરી વધારે પવિત્ર વાતાવરણમાં વિહાર કરીએ છીએ; અને એવા પવિત્ર સંસર્ગને વખતે જ આપણે આપણા મનોરથો ને આદર્શો ઘડી શકીએ છીએ. યુવાન મિત્રો, એવા મનોરથો ને સુંદર સ્વપ્નોની કિંમત ઓછી નથી. ભલે તમને વ્યવહારકુશળ લોકો ખ્યાલી કહે કે......અધીરા અને તુરંગી Impatient idealist કહે. પરંતુ જેમણે જીવનની સુંદર પળો એવાં ખ્યાલી શમણાં પાછળ ગુમાવી છે તેઓ જ દુનીઆના ઉદ્ધાર માટે

ફાળો આપી ગયા છે. મારૂં કહેવું એવું નથી કે અભ્યાસક્રમની અવગણના કરી સમાધિ ચડાવવા બેસી જવું. મારૂં કહેવું તો એ છે કે અભ્યાસક્રમમાં જ કાંઈ આખી દુનીઆ સમાઇ જતી નથી. થોડો વખત ફાજલ પાડી તમારે બહારનાં વાચન પાછળ, મનન પાછળ અને સ્વપ્નાં પાછળ કાઢવો. એમ કરી જોશો તો વિકટમાં વિકટ સમયમાં તમને નવું બળ, નવી સ્ફુર્તિ મળેલી તમે જોશો. —**મટુભાઈ કાંટાવાળા**

પરિશ્રમ અને ત્યાગના બે દાખલાઓ

ગાંધીજી વારંવાર કહેતા કે આપણે અંગ્રેજી રાજ્યને રાવણ રાજ્ય કહીએ છીએ, પણ રાવણે પોતાની સત્તા જમાવવાને માટે કેટલું તપ કર્યું હતું તે આપણે ભુલી જઇએ છીએ. હમણાં જર્મનીનું લોહી ચુસનાર ફ્રાન્સની પરદેશનીતિના પિતા મોં. પ્વાંકેરે વિષે વાંચેલી વાત ગાંધીજીનું વચન યાદ કરાવે છે. કહે છે કે મોં. પ્વાંકેરે એક ક્ષણ પણ નકામી જવા દેતા નથી. એક વાર લાંબી મુસાફરી મોટરથી કરવાની હતી, રસ્તો ઘણો ખાડાળો હોવાથી અને મોટરની કમાન ઢીલી હોવાને લીધે મોટર બહુ હાલતી હતી, એટલે પાંચ કલાકની મોટરની મુસાફરી દરમીઆન તેઓ કશું લખી શક્યા નહિ. ઘેર આવીને બોલ્યા, 'આટલો બધો વખત કદી નકામો ગયો નથી,' અને તરત જ મોટરની કમાન સુધરાવવાને માટે સુધારનારને ત્યાં મોકલી આપી. આપણા નેતાઓ ક્ષણેક્ષણનો આવી રીતે હિસાબ આપી શકે ખરા ? નેતાઓની વાત બાજુએ મુકીએ, સામાન્ય કાર્યકર્તા પણ આવો પરિશ્રમ કરવાવાળા હોય તો કેટલું કાર્ય થાય ?

ત્યાગનો નમુનો જે સરકારની સાથે આપણે લડી રહ્યા છીએ તે સરકારના વડા પ્રધાનનો જ છે. ગઇ લડાઇ દરમીઆન મિ. બાલ્ડિવને પોતાની આખી મિલકતનો આંકડો કઢાવી તેના ૨૫ ટકા લડાઇના ખર્ચ ખાતે આપી દીધા. આપણે ત્યાં જ્યારે શ્રી. દેશબન્ધુ અને પંડિત મોતીલાલજી તથા શ્રી. જમનાલાલજી જેવા છે ત્યારે દેશનાં જ નાણાંમાંથી હજારો રૂપીઆનો પગાર લેનાર અનેક દેશીઓ પણ પડ્યા છે; જેઓ પોતાના મનને સમજાવી રહ્યા છે કે અમે પણ દેશની સેવા કરીએ છીએ ! —નવજીવન તા. ૪-૧૧-૨૩.

આ દશા ?

અરેબીઅન નાઇટ્સની વાર્તાઓ વાંચનારા ઇરાનની જાહોજલાલીથી અજાણ્યા નહિ હોય. એમાં જે વર્ણન છે તે કંઇ કાલ્પનિક નથી. એક વખત ઇરાન દુનીઆનું મહારાજ્ય ગણાતું. સિન્ધના સીમાડાથી ભૂમધ્ય સમુદ્ર સુધી તેનો ઝુંડો ફરકતો. ધનદોલત, વેપારરોજગાર જાહોજલાલી અને મહત્તામાં તે શ્રેષ્ઠ કોટનું લેખાતું. હજીયે ત્યાંના ગુલાબ અને ગાલીચાનાં તો લોકોને સ્વપ્નાં આવે છે. જગતના મુખ્ય ધર્મોમાંના જરથોસ્તી ધર્મને જન્મ આપી તેનો પ્રચાર આ દેશે જ કરેલો. (અત્યારે ત્યાંના લોકો મુસલમાની ધર્મ પાળે છે.) પણ કુદરત અને માનવજાત બન્નેએ સાથેલાગા તેના પર કેર વર્તાવવા માંડ્યા, અને અત્યારે તે દુનીઆ આખીમાં દુઃખીમાં દુઃખી, કંગાલમાં કંગાલ અને સૌથી ઉજ્જડ દેશ ગણાય છે. વાવંટોળને લીધે ઉડતી રેતીથી તેનાં ફળદ્રુપ ખેતરો પુરાઇ જવા લાગ્યાં, જાહોજલાલીભર્યાં બાગબગીચા અરણ્ય સમ થઇ ગયા, અને અત્યારે ઇરાનનો ચોથો ભાગ રણ જેવો ઉજ્જડ પડ્યો છે. કુદરતના આ કેરની માણસજાતે પણ જાણે હરીફાઇ કરવી ધારી હોય તેમ એમણે પણ એનાપર વીતાડવામાં કંઇ બાકી રાખ્યું નથી. પડોશનાં રાજ્યોએ કકડે કકડે એના મુલકો ખુંચવી લીધા; મોટાં મોટાં પરદેશી સૈન્યોએ આવી તેનાં શહેરો ને ગામડાં લુંટી આખા દેશને સપાટ કરી મેલ્યો, પરદેશીઓએ બની તેટલી દોલત ઉસરડીને પોતાના વતન ભેગી કરવા ગાંડી અને લુંટારાઓની ટોળીઓએ મરજી પડે તેમ લુંટ કરીને પ્રજામાં ત્રાસ વર્તાવી મેલ્યો. અને આ દશા, કહે છે કે, હજી પ્રવર્તે છે.

મીઠું મરણ

મૌ શૌકતઅલી જેલમાં હતા તે દરમ્યાન બનેલા પ્રસંગોમાંનો એક પ્રસંગ નીચે ઉતારી લીધો છે.

એક માવો કરીને ભંગી ફાંસીની સજા ખાઇને આવ્યો હતો તેનો કિસ્સો કહેતાં કહેતાં મૌલાના અપાર આવેશમાં આવી જાય છે, અને સામાની ઉપર પણ અજબ અસર પાડે છે. માવો બિચારો

એક વાર નશામાં ચકચુર થઇ પોતાની ગર્ભવતી સ્ત્રીનું ખુન કરીને આવ્યો હતો. સજા પછી અપીલ વગેરે થયા પછી ફાંસીનો દિવસ નક્કી થઈ ચુકયો હતો, અને આ ફાની દુનીઆ ઉપર રહેવા વિષે તેણે હાથ ધોઇ નાખ્યા હતા. મૌલાનાની પાસે જ તેની ખોલી હતી. તેને મૌલાનાની સાથે પ્રસંગ પડતાં મૌલાનાએ આખી વાત તેને પુછી. મૌલાના કહે છે કે સાચા પશ્ચાત્તાપથી તેણે બધી વાત મારી આગળ કરીને જણાવ્યું કે મને સજા થઇ છે તે વાજબી થઇ છે. હવે તો જેટલી ઘડી રહી છે તેટલી ઘડી કિરતારનું ભજન કરવામાં મજા છે. એક દિવસ રાત્રે પાસેથી નાચવાનો અને ગાવાનો અવાજ આવ્યો. પેલા ભાઇ કિરતારના ભજનમાં ગુલતાન થઇ નાચતા નાચતા ગાતા હતાઃ-



કર લે સિંગાર ચતુર અલબેલી,
સાજનકે ઘર જાના હોગા;
માટી બિછૌના, માટી ઓઢોના,
માટી કા સિરહાના* હોગા.

આ પ્રસંગ કહેતાં મૌલાનાની આંખોમાં પાણી આવી ગયાં. આ રાત પેલાની ફાંસીએ જવાની આગલી રાત હતી. ફાંસીનો હુકમ મળ્યો કે બહાદુરની માફક નીકળ્યો. જે માચડા ઉપર જઇને ફાંસી લેવી પડે છે તેના ઉપર દોડતો દોડતો હસતો ચડયો. માથા ઉપર ફાંસી ખાનારની ટોપી પહેરાવવામાં આવતાં જ પોકાર કર્યો, 'મહાત્મા ગાંધી કી જે.' આખી જેલમાંથી કેદીઓએ પડઘો આપ્યોઃ 'મહાત્મા ગાંધી કી જે'. બીજે પોકાર કર્યો, 'શૌકતઅલી બાપુ કી જે.'—મૌલાના રાજકોટમાં શૌકતઅલી બાપુ કહેવાતા. પછી 'રામ' 'રામ' 'રામ'—અને ચોથે 'રામે' તેનો પ્રાણ ચાલ્યો ગયો. બધા કેદીઓએ આવીને આ ઘટનાનું વર્ણન આપતાં મૌલાનાને કહ્યું, 'છેલ્લાં પંદર વીસ વર્ષમાં આવું મરણ જોયું નથી.' સુપરિન્ટેન્ડન્ટે પણ કહ્યું, 'આવું બહાદુર મરણ કદી નથી જોયું.' સુપરિન્ટેન્ડન્ટે આશ્ચર્યથી પુછ્યું, 'આવા ભંગીને પણ મહાત્મા ગાંધી સાથે શી લેવાદેવા છે?' મૌલાનાએ જવાબ આપ્યો, 'કારણ આવતો અવતાર આપે તો ઈશ્વર મને ઢેડભંગીનો અવતાર આપજે એમ કહેનાર દુનીઆમાં મહાત્મા ગાંધી એકલા છે.'

* *

એક દિવસમાં ત્રણ વાર આ કિસ્સો મૌલાનાએ કહી સંભળાવ્યો અને કહ્યું, 'મહાત્મા ગાંધીને પ્રથમ મારૂં શિર ઝુકે છે; તે પછી મારૂં શિર પેલા બહાદુર માવાને પણ ઝુકે છે. આવી રીતે હથેળીમાં માથું લઇને ફરતાં આવડવું જોઇએ. થોડા માણસો આવા નીકળે તો આપણો ઉદ્ધાર ચોક્કસ છે. માવામાં પોતાના અપરાધ માટે શુદ્ધ ખરખરો હતો, ખુદાનો બરોબર ડર હતો અને મરતાં ખુદાની આંખ તેણે જોઇ હતી, એટલે જ તે ગાતો હતો અને નાચતો હતો; એટલે જ તેને મરણ મીઠી નિદ્રામાં પડવા જેવું લાગ્યું.

—નવજીવન, તા ૪-૧૧-૨૩

*ઓશીકું

મિ. એરૂંડેલ અને ઉગતી પ્રજા

મિ. એરૂંડેલ થીઓસોફી (આત્મવિદ્યા–પ્રચારણ) પંથના એક જબરા ઉપદેશક છે; અને વર્ષો થયાં તેમનું જીવન એ પંથની સેવામાં વીત્યું છે. તેમણે મોટે ભાગે શિક્ષણનું કાર્ય જ સંભાળ્યા કર્યું છે. બનારસ હિન્દુ કોલેજના પ્રિન્સિપાલ તરીકે અનેક વર્ષથી તેઓ વિદ્યાર્થીઓના પ્રેમપાત્ર બની રહેલા છે. એ ઉપરાંત ઉગતી પ્રજાના આદર્શો ઘડવાને તેમણે 'તરુણ નગરજન' (ધ યંગ સિટિઝન) નામનું અંગ્રેજી માસિક ચાલુ કર્યું છે.

કુમારનો આ અંક છાપખાનામાં જવાની તૈયારીમાં હતો તેવામાં તેમનું આગમન અમદાવાદમાં થયું અને પ્રથમ જ તેમને નજરે જોવાની અને તેમનું વ્યાખ્યાન સાંભળવાની તક અમને મળી. સંજોગવશાત્ તેમના વ્યાખ્યાનનો વિષય પણ 'ઉગતી પ્રજામાં ભ્રાતૃભાવ' ઉપર હતો.



તેમનું વય આધેડ કહેવાય છતાં, તેમનું શરીર ટટાર અને સુબદ્ધ લાગે છે; ચહેરા પર ચોકખાઈ અને વિશાળ કપાળ નિર્મળ આકાશપ્રદેશ જેવું. આંખો અને ભમ્મર ચળકતી કાળી. પોશાકમાં લાંબું પહેરણ અને સુરવાળ. પગ ખુલ્લા અને ગળામાં તેમના પંથનું લટકતું ચિહ્ન. આથી તે કોઇ ઉત્તર પ્રાન્તના હિન્દુ જેવા દીસતા.

તેમના વ્યાખ્યાનનો મુદ્દો એ હતો કે જગતમાં જે લડાઇઓ ચાલ્યા કરે છે તે અટકાવવી હોય અને મોટા જનસમુહનાં સુખ-સુખાકારી વધારવાં હોય તો દેશની ઉગતી પ્રજાઓમાં પહેલેથી ભ્રાતૃભાવ, સેવાવૃત્તિ અને દંભ વિનાનું જીવન આવવાં જોઇએ. યૂરોપ, અમેરિકા, ઑસ્ટ્રેલીઆ વગેરે ખંડોમાં ઉગતી પ્રજાનું ઉત્તમ ઘડતર કરવાને સબળ પ્રયત્નો શરૂ થઇ ચુકયા છે. જર્મની આખા યૂરોપની સખત હાર ખાઈ

મરણતોલ થયું છે છતાં ત્યાં હજારોની સંખ્યામાં છોકરાછોકરીઓ (ચૌદથી વીસ વર્ષ સુધીનામાંથી) મંડળો બાંધી સાવ સાદા કુદરતી જીવનની ટેવ પાડી રહ્યાં છે, તેમજ તેમની નજર આગળ મોજ માણુતા બીજા યૂરોપી લોકોથી ન શરમાતાં સ્નેહભાવ અને સેવાવૃત્તિનો ધર્મ ફેલાવી રહ્યાં છે. લડાઇઓ કોઇ કાયદા કે રાજ્યસત્તાથી અટકવાની નથી. પ્રજાના અંતઃકરણમાંથી તેને માટેની વૃત્તિ—ટેૂપઝેર નીકળી જવાં જોઇએ. આ હેતુ પાર પાડવા બધા દેશોમાં કોઈ ને કોઇ જાતની સંસ્થાઓ જોરથી કામ કરી રહી છે.

જે લડાઇઓ થાય છે તે આપણા વડવાઓએ સંઘરી મુકેલ વેરભાવ, દ્વેષ અને ઇર્ષ્યાથી છે; અને તેનાં ભયંકર પરિણામોનો આરોપ તેમની જ ઉપર રહેવાનો, ઉગતી પ્રજા પર નહિ;—જો ઉગતી પ્રજા આ ભ્રાતૃભાવનો અને સેવાપરાયણતાનો મંત્ર જીવનમાં સ્વીકારે તો જ. છેવટે તેમણે જણાવ્યું કે સાંભળનારામાંથી ઘણા સ્વદેશીવ્રત પાળનારા હશે; પણ ખરૂં સ્વદેશી તો ત્યારે જ કે તમે તમારા કુટુંબની સેવા આદરો, પડોશીઓને સહાયરૂપ થાઓ, શહેરની સુખાકારી જાળવો અને તેમ કરતાં આખા દેશના કલ્યાણધર્મને લાયક બનો. સમાજના ખરાબ રીવાજો કાઢવામાં સામેલ રહો. તમારા રહેઠાણની જગ્યાઓ ચોકખી અને તંદુરસ્તી દેનારી કરો. આ રીતે તમારાં મન અને અંતઃકરણ સ્વચ્છ ને તંદુરસ્ત થશે. વળી નાગરિક બનવાને કાંઈ ઉપરનું બંધન નથી. નગરજનના હક તો માતૃભૂમિએ જન્મની સાથે જ આપ્યા છે; એટલે ઉગતી પ્રજા જેમ સેવાભાવના વ્હેલી સ્વીકારે તેમ સારૂં. જુવાનો માત્ર વાતો ને ચર્ચાઓ કરે તે ન ચાલે. તેઓ કોઇપણ ચોક્કસ અને સાચું દેશકાર્ય કરી બતાવે. તે ઉપરાંત તેઓ જગતની સઘળી ઉગતી પ્રજાઓ ઉપર પ્રેમભાવ રાખે. પોતાના જ સુખ કે સ્વાર્થ કરતાં દેશના કલ્યાણને વધુ વ્હાલું ગણે. ઘણા દેશમાં ' કુમાર સપ્તાહ ' પાળવામાં આવે છે. એક અઠવાડીઆ સુધી સંસારની સર્વ પ્રવૃત્તિઓ કુમારવર્ગ ચલાવે. એક દિવસ બધા નગરકુમારો ભેગા મળી પોતાનામાંથી સરસ નાયક શોધી પસંદ કરે. તેની આગેવાની નીચે સઘળા જણ આખું શહેર ફરે. બીજે દિવસે અખાડાઓમાં કસરતના ખેલો કરી દેખાડે, ને નાનાં નાટકો ભજવે. ત્રીજે દિવસે દેશના હુન્નરઉદ્યોગ અને વ્યવહારનો સઘળો ભાર બે ત્રણ કલાક કુમારો ચલાવે. ચોથે દહાડે ઘરકામમાં સૌ ભાગ લે; કુમારો પોતાનાં માબાપોની સેવાસંભાળમાં રહે તથા અનાથ બાળકોને જમવા બોલાવે. આ બાબતનો બધો કારભાર છોકરાછોકરીઓ કરે. પાંચમે દહાડે શરતો અને રમતોનો આનંદ વર્તે. છઠ્ઠે દહાડે સઘળા ડોકમાં કે હાથમાં ' લડાઇ ન જોઇએ ' નાં પાટીઆં લઇને સ્વદેશગીતો ગાતા શહેરમાં ફરે. આથી કરીને ભવિષ્યમાં તેમને શું શું કરવાનું છે તેનું ભાન જન્મે અને અત્યારે પ્રજાના અધિકારમાં તેમને ભાગ મળે. નગરકુમારોને એમ જ લાગે કે અમે પ્રજાના અંશરૂપ છીએ. ઉગતી પ્રજાને કાર્ય કરવામાં ઉત્તેજન અને ઉત્સાહ મળે તે તો જૂદાં જ, પરંતુ વડીલો પણ એક અઠવાડીઉં કુમારોની પ્રવૃત્તિ જોયા કરે—એનો જ ખ્યાલ ઘડયા કરે.

મિ. એરૂંડેલના આ સુંદર સંદેશ માટે અમારે ખાસ ટીકા કરવાની છે નહિ.

સૌ જાણે છે કે મનુષ્યના જીવનની ત્રણ સ્થિતિમાં કૌમાર સર્વોપરી છે. બાળપણમાં બુદ્ધિ કાચી હોય છે અને ઘડપણમાં શક્તિઓ ઘસાતી ચાલે છે. ખીલતી વયમાં શરીર વિકાસ કરે, હૃદય લાગણીભર્યું ધબકે, પ્રાણ તનમનાટ કરી નાચી રહે અને નિર્દોષ આત્મા નવા જ્ઞાન માટે જગતમાં ભળવા માગે. કૌમાર કદાપિ સાંકડા મનનું કે ક્રૂર ન હોય; આળસુ તો બને જ કેમ ?

આપણા ગુજરાતમાં સુભાગ્યે ઉગતી પ્રજાના કેટલાએક હિતેચ્છુઓ કામ કરી રહ્યા છે. ગુજરાતમાં પેટલાદ મિત્રમંડળ થયું. કાઠીઆવાડમાં દક્ષિણામૂર્તિભવન સ્થપાયું. ત્યારપછી આપણે ત્યાં ઉગતી પ્રજા માટે સુવ્યવસ્થિત એકધારી પ્રવૃત્તિ ચાલુ જ રહી છે એમ કોણ નથી જાણતું ? રણજીતરામ વાવાભાઇ, મોતીભાઇ

અમીન, નૃસિંહપ્રસાદ ભટ્ટ આદિ ઉગતાં વિદ્યાર્થી-મંડળોના સબળ પ્રેરકો અને સુજ્ઞ સંચાલકો હતા. તેમના પ્રયાસોમાંથી ચરોતર કેળવણીમંડળ અને કાઠીઆવાડમાં કેટલાંક વિદ્યાર્થીભવનો અને સેવાસમિતિઓ થયાં. બંધુમંડળવાળા રા. ભોગીન્દ્રરાવ ભુલાય તેમ નથી. એમણે પોતાના રસમય સાહિત્યમાં ભવિષ્યની યુવક પ્રજા ચેતનભર ચીતરી છે. આ પ્રવૃત્તિ ત્યારથી જુદીજુદી રીતે શરૂ થઇ છે. કાર્યક્ષેત્ર અને કાર્ય એવાં વિશાળ છે કે માત્ર કેટલાક નજરે તરી આવનારાઓનો જ નામનિર્દેશ થઈ શકે.

ધીમેધીમે કાર્યકર્તાઓ વધ્યા. રા. ઇન્દુલાલ યાજ્ઞિક નવી પ્રજાની એક જીવંત મૂર્તિ કહી શકાય. તેમણે અમદાવાદમાં પડાવ નાખી જે જે વિવિધ પ્રવૃત્તિઓ કેન્દ્રસ્થ કરી તેમાં ગુજરાત કેળવણી મંડળ મુખ્ય છે. છોટુભાઈ પુરાણી ભરૂચમાંથી ઉગતી પ્રજા માટે જીવન રેલી રહ્યા છે. તેમના નાના ભાઈ અંબાલાલ પુરાણી સેંકડો ઉછરતા નરોની હૃદયમૂર્તિ બની ગયા છે. ગુજરાત શરીરવિકાસ સાધી ન શકે તો બીજી સર્વ સિદ્ધિનો પાયો જ ન હોય, એ વાત તેમણે બરોબર ઝીલી લીધી છે. અમારૂં હૃદય તેમની પ્રવૃત્તિઓ પર પુરૂં મુગ્ધ છે. અને એ બધા વીરોની વચ્ચે ડૉ. ચંદુભાઇ દેસાઇની ગુજરાતના સર્વ નગરોના વિદ્યાર્થીમંડળમાં અજબ અસર છે. ઉગતી પ્રજાના તે એક સમર્થ મિત્ર છે. આચાર્ય કૃપાલાની, કાકાસાહેબ કાલેલકર, કવિ નાનાલાલ, સ્વામી આનંદ, ડૉ. સુમન્ત, મટુભાઇ કાંટાવાળા, ગિજુભાઇ બધેકા વગેરે ઉગતી પ્રજાના માર્ગવિધાયકો છે. એ સૌનો સવિશેષ પરિચય અમે હવે પછી આપતા જઇશું.

મહાત્માજીએ રાષ્ટ્રના તરુણવર્ગને જે ભારે આન્દોલન આપ્યું છે તે તો અનોખું જ છે. રાષ્ટ્રીય કેળવણી લેતો પ્રાણવાન વિદ્યાર્થીવર્ગ આનું દેખીતું સુફળ છે. મિ. એરૂંડેલે આ બીના વાંચી નજરે જોઈ જણાય છે. ઉપર લખેલી ગુજરાતની ઘણી વાતો મિ. એરૂંડેલ કદાચ જાણતા નાહ હોય.

ઉપરાંત, અમે એ પણ કબુલ કરીએ છીએ કે હાલના નવયુવકોએ વધુ જાગતા, સચેતન અને તૈયાર થવું ઘટે.

કનુ—જ્યૉર્જ ધિ ફિફ્થ સાથે મારે અરધું ઓળખાણ તો છે.

બાલુ—એમ ? તે કેવી રીતે ?

કનુ—હું એને ઓળખું છું; એ મને નથી ઓળખતા.

× × ×

'પણ તમે રાત્રે સુતી વખતે શા માટે ચશ્મા પહેરી રાખો છો ?'

'અરે મૂર્ખ ! એટલી પણ સમજણ નથી પડતી ? રાત્રે ચશ્મા ન પહેરી રાખીએ તો રાત્રે સ્વપ્નાં શા વડે દેખું ?'

× ×

પુછો તન્ત્રીને

એ નામનો એક વિભાગ 'કુમાર'માં ઉઘાડવામાં આવનાર છે. વાતચીતમાં, વાંચનમાં, વિચારોમાં અને બીજા ઘણા પ્રસંગે તમને જુદા જુદા પ્રકારની અનેક મુશ્કેલીઓ, શંકાઓ અને સવાલો ઉઠવાનાં જ; અને તે પણ જુદા જુદા વિષયો ઉપર. કોઇ કોઇ તો એવા વિચિત્ર હોય કે તમને એનું મોંમાથું કશું ન સુઝે. તમે એવા સવાલો નીચેની રીતે તન્ત્રીને લખી પુછાવશો તો બનશે તેટલો પ્રયત્ન કરીને તેના જવાબ મેળવી લાવવાનો તન્ત્રી પ્રયત્ન કરશે.

'મિજલસ' માં પણ તમને સવાલોના જવાબ મળી શકશે. પણ ત્યાં પુછવાના અને અહીં પુછવાના સવાલો જુદી જાતના હોય. તમને કોઈ જાતની મુંઝવણ હોય, કોઇ ધંધા વિષે માહિતી મેળવવી હોય, કોઇ બાબતમાં સલાહ લેવી હોય, એવી એવી બાબતોના ઉત્તર તમને 'મિજલસ'માંથી મળે. વિજ્ઞાન, ખગોળ, ભૂગોળ, ઇતિહાસ, સાહિત્ય, કવિતા વગેરેના જ્ઞાનને લગતી માહિતી, તેના વાચન અને પ્રયોગોમાં ઉઠતી મુશ્કેલીઓ, સવાલો વગેરેના ઉત્તર તમને અહીંથી મળશે. તમે આ વિભાગો વારંવાર વાંચતા રહેશો એટલે એની મેળે તમને આ પદ્ધતિ સરળતાથી સમજાઈ જશે.

તમે સવાલ ન પુછ્યા હોય તોપણ તમે દર મહિને આ વિભાગ ધ્યાનપૂર્વક વાંચ્યા કરશો તોયે તમને એમાંથી ઘણું ઉપયોગી, રમુજી અને વિચિત્ર જ્ઞાન મળશે.

પુછનારે પોતાના સવાલો "તન્ત્રી 'કુમાર', ૪૪૮૦ રાયપુર, અમદાવાદ" એ સરનામે મોકલવા.

દરેક કાર્ડમાં એક જ સવાલ હોવો જોઇએ. કાર્ડને જમણી બાજુને ઉપરને ખુણે ગામનું નામ અને તારીખ, તથા ડાબી બાજુને નીચલે ખુણે પુછનારનું પુરૂં નામ અને સરનામું લખવાં જોઇએ. આવી રીતઃ—

> અમદાવાદ, તા. ૧૫-૧-૨૪
>
> સવાલ
>
> ....
>
> ....
>
> ....
>
> મોકલનાર
>
> પ્રભુદાસ વિશ્વનાથ જાની
>
> સુતારવાડાની પોળ, ખાડીઆ

.. નોંધો ને ચર્ચાઓ જે પુછવાના હોય તો કાગળની કોઇપણ ચોક્કસ અને એ! ઉપર દરેક સવાલ ઉપર પ્રમાણે ઉપરાંત તેઓ જગતની સોકલવી. દરેક સવાલ જુદી પ્રેમભાવ રાખે. પોતાના જા જ જોઇએ. દેશના કલ્યાણને વધુ બહાદુર સવાલો નહિ પુછી શકાય. 'કુમાર સપ્તાહ' પાળવામાંય ટુંકી રાખવી. દરેક સવાલ સુધી સંસારની સર્વ પ્રવૃત્તિઓ કુમીને લખી મોકલવો.

દરેક સવાલ મળ્યા પછી તેને 'નવા સવાલ' મથાળા હેઠળ 'કુમાર'માં પ્રકટ કરવામાં આવશે.

'કુમાર'નો હરકોઇ વાચક તેનો જવાબ મોકલી શકે છે. જવાબ મોકલવાની પહેલી તક 'કુમાર'ના વાચકોને જ રહેશે. આમ એક મહિનો રાહ જોવા છતાં જેના ઉત્તર વાચકો તરફથી નહિ મળે તેના ઉત્તર આપવાનો તન્ત્રી પ્રયત્ન કરશે.



ચિત્રકાર: રવિશંકર રાવળ

અરુણ

અંધારઘેરો વસમો વટાવી
કૌમારવૃક્ષે ખીલી પ્રાણપૂર્ણ;
શ્રદ્ધાભરી દષ્ટિ જગે વહાવી,
પ્રકાશનો દૂત ખીલે અરુણ.